સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

## WEEK 35 (28/08/22 to 03/09/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)












JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**28 AUG-2022**

- ભારતની સુપ્રીમ કોર્ટના 49મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી યૂ.યૂ.લલિતના શપથ ........ 02
- બેનામી ટ્રાન્ઝેક્શન એક્ટ ........ 06
- QUESTION ANSWERS ........ 10

**29 AUG-2022**

- દિવસ મહિમા : 29 ઓગસ્ટ, પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Nuclear Tests), રાષ્ટ્રીય રમત દિવસ (National Sports Day) ........ 11
- વજ પ્રહાર યુદ્ધ અભ્યાસ : ભારત-અમેરિકા ........ 12
- શ્રી નીરજ ચોપરાએ ડાયમંડ લિગનો ખિતાબ જીત્યો ........ 12
- QUESTION ANSWERS ........ 14

**30 AUG-2022**

- દિવસ મહિમા : 30 ઓગસ્ટ, લઘુ ઉદ્યોગ દિવસ અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ ........ 15
- શ્રી સમીર વી. કામત DRDOના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત ........ 15
- અર્થગંગા પ્રોજેક્ટ ........ 17
- QUESTION ANSWERS ........ 18

**31 AUG-2022**

- દિવસ મહિમા : 31 ઓગસ્ટ, આફ્રિકન મૂળના લોકો માટે આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for People of African Descent) ........ 19
- કુશિયારા નદી : ભારત-બાંગ્લાદેશ વચ્ચે MOU ........ 19
- ગુજરાતમાં સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ તરણેતરનો મેળો ........ 20
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં અટલ બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યુ ........ 23
- QUESTION ANSWERS ........ 25

**01 SEP-2022**

- ભાદરવા સુદ પાંચમ, ઋષિ પંચમી ........ 27
- ભારતમાં આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યા રિપોર્ટ 2021 : NCRB ........ 27
- ભારતના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી શ્રી અભિજિત સેનનું નિધન ........ 31
- QUESTION ANSWERS ........ 33

**02 SEP-2022**

- દિવસ મહિમા : 2 સપ્ટેમ્બર, વિશ્વ નાળિયેર દિવસ (Wrold Coconut Day) ........ 34
- સોવિયેત સંઘના છેલ્લા નેતા શ્રી મિખાઈલ ગોર્બાચેવનું નિધન ........ 34
- રાષ્ટ્રીય પોષણ માસ (Rashtriya Poshan Maah) ........ 36
- QUESTION ANSWERS ........ 38

**03 SEP-2022**

- G 20 શિક્ષણ મંત્રીઓની બેઠક ........ 39
- CAPF ઈ-આવાસ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું ........ 40
- ઓડિશામાં નુઆખાઈ કૃષિ ઉત્સવની શરૂઆત થઈ ........ 41
- QUESTION ANSWERS ........ 42

**ONE LINER** ........ 43

**QUESTION OF THIS WEEK** ........ 47



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની સુપ્રીમ કોર્ટના 49મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી યૂ.યૂ.લલિતના શપથ

27 ઓગસ્ટ, 2022ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટના 49મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી ઉદય ઉમેશ લલિતએ શપથ લીધા છે.



- ભારતમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શ્રી ઉદય ઉમેશ લલિતને ચીફ જસ્ટિસ તરીકેના શપથ અપાવ્યા હતા.
- 26 ઓગસ્ટ, 2022ના રોજ નિવૃત્ત થયેલ ચીફ જસ્ટિસ શ્રી એન.વી.રમન્નાના સ્થાને શ્રી યૂ.યૂ. લલિત સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ બન્યા છે.
- શ્રી યૂ.યૂ. લલિતનો કાર્યકાળ ત્રણ મહિનાથી ઓછો રહેશે અને તેઓ 8 નવેમ્બરના નિવૃત્ત થશે.તથા 9 નવેમ્બરના રોજ તેમના 65 વર્ષ પણ પૂર્ણ થશે.

### શ્રી યૂ.યૂ. લલિત

શ્રી યૂ.યૂ. લલિતનું પૂરું નામ શ્રી ઉદય ઉમેશ લલિત છે.

- શ્રી ઉદય ઉમેશ લલિતનો જન્મ 9 નવેમ્બર, 1957ના રોજ મહારાષ્ટ્રના સોલાપુર ખાતે થયો હતો.
- તેઓ આ અગાઉ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હતા.
- ઓગસ્ટ 2014માં તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે જૂન 1983માં મહારાષ્ટ્ર અને ગોવા બાર કાઉન્સિલ દ્વારા એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી.
- જાન્યુઆરી, 1986માં સુપ્રીમ કોર્ટમાં આવ્યા તે પહેલા તેમણે ડિસેમ્બર, 1985 સુધી બોમ્બે હાઈકોર્ટમાં વકીલાત કરી હતી.
- જસ્ટિસ યૂ.યૂ.લલિત બે ટર્મ માટે સુપ્રીમ કોર્ટ લીગલ સર્વિસ કમિટીના સભ્ય તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

### સુપ્રીમ કોર્ટ

ભારતની સુપ્રીમ કોર્ટ (Supreme Court)ને 'સર્વોચ્ચ ન્યાયાલય', 'સર્વોચ્ચ અદાલત' કે 'ઉચ્ચતમ ન્યાયાલય' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ભારતીય બંધારણના ભાગ–5માં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 28 જાન્યુઆરી, 1950ના રોજ નવી દિલ્હી ખાતે Chamber of Princessમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં 'ભારત સરકાર અધિનિયમ, 1935' હેઠળ 'ફેડરલ કોર્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ 'ફેડરલ કોર્ટ'ની અનુગામી સંસ્થા છે.
- વિશ્વના અન્ય ન્યાયાલયોની સરખામણીએ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયને સૌથી વધુ અધિકારક્ષેત્ર અને સત્તા પ્રાપ્ત છે.
- ભારતમાં સર્વોચ્ચ ન્યાયાલય નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષક તરીકે કાર્ય કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 124માં સર્વોચ્ચ અદાલતની સ્થાપનાની જોગવાઈ છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર હતા.

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા

ભારતીય બંધારણના અનુચ્છેદ 124 મુજબ ભારતની એક સર્વોચ્ચ ન્યાયાલય હશે. જેમાં એક મુખ્ય ન્યાયાધીશ અને 7 અન્ય ન્યાયાધીશ રહેશે. જ્યાં સુધી સંસદ કોઈ કાયદા દ્વારા સંખ્યા ન વધારે ત્યાં સુધી આ સંખ્યા યથાવત્ રહેશે.

- સંસદે પોતાની આ શક્તિનો ઉપયોગ કરીને ક્રમશ : ઈ.સ. 1956માં ન્યાયાધીશોની સંખ્યા 8 (1 મુખ્ય ન્યાયાધીશ + 7 અન્ય ન્યાયાધીશ)માંથી 11 (1 મુખ્ય ન્યાયાધીશ + 10 અન્ય ન્યાયાધીશ), ઈ.સ. 1960માં 14 (1 મુખ્ય ન્યાયાધીશ + 13 અન્ય ન્યાયાધીશ), ઈ.સ. 1978માં 18 (1 મુખ્ય ન્યાયાધીશ + 17 અન્ય ન્યાયાધીશ), ઈ.સ. 1986માં 26 (1 મુખ્ય ન્યાયાધીશ + 25 અન્ય ન્યાયાધીશ) અને 2008માં 'સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા અધિનિયમ, 2008' પસાર કરીને ન્યાયાધીશોની સંખ્યા 31 (1 મુખ્ય ન્યાયધીશ + 30 અન્ય ન્યાયાધીશ)કરવામાં આવી હતી.
- ત્યારબાદ થોડા સમય અગાઉ સંસદ દ્વારા 'સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા અધિનિયમ, 2019' પસાર કરી સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશોની સંખ્યા 31 થી વધારી 34 (1 મુખ્ય ન્યાયાધીશ + 33 અન્ય ન્યાયાધીશ)કરવામાં આવી હતી.
- આથી, હાલ ભારતની સુપ્રીમ કોર્ટમાં 1 મુખ્ય ન્યાયાધીશ અને 33 અન્ય ન્યાયાધીશ મળીને કુલ 34 ન્યાયાધીશોની નિમણૂક કરી શકાય છે.

**નોંધ :** ભારતીય સંસદને ન્યાયાધીશની સંખ્યામાં વધારો કરવાની સત્તા પ્રાપ્ત છે. પરંતુ સંખ્યામાં ઘટાડો કરવાની સત્તા પ્રાપ્ત નથી.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ 124(3) મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

**અથવા**

- તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ.

**અથવા**

- રાષ્ટ્રપતિ મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

## કાર્યકાળ

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વધુમાં વધુ 65 વર્ષની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

નોંધ: (1) સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(2) સુપ્રીમ કોર્ટનો મુદ્રાલેખ છે : 'યતો ધર્મસ્તતો જય:' એટલે કે "જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે."

(3) સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણના અનુચ્છેદ 124(2) મુજબ રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

(5) ભારતીય બંધારણના અનુચ્છેદ 124(4) અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

(6) ભારતમાં સૌપ્રથમ ઈ.સ. 1861માં કોલકાતા, મુંબઈ અને મદ્રાસ ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. (આ અદાલતોની સ્થાપના 'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862' મુજબ કરવામાં આવી હતી.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને શપથ

ભારતીય બંધારણના અનુચ્છેદ 124(6) અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને ભારતના રાષ્ટ્રપતિ અથવા તો રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ શપથ અપાવે છે.

- તેમણે ભારતીય બંધારણની ત્રીજી અનુસૂચિમાં આપેલ નમૂના અનુસાર હોદ્દાના શપથ અથવા તો પ્રતિજ્ઞા લેવાની હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો પગાર

| ક્રમ | હોદ્દો | પ્રતિમાસ પગાર રૂપિયામાં |
|---|---|---|
| 1 | સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ | 2,80,000 |
| 2 | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ | 2,50,000 |
| 3 | હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ | 2,50,000 |
| 4 | હાઈકોર્ટના ન્યાયાધીશ | 2,25,000 |

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી હરિલાલ જે. કણિયા ગુજરાતી હતા.

- જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લાહ સુપ્રીમ કોર્ટના એવા મુખ્ય ન્યાયાધીશ હતા કે જેમણે ભારતના કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.
- સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ શ્રીમતી ફાતિમાબીબી હતા.
- જેમની વિરુદ્ધ સૌપ્રથમ ન્યાયાધીશ પદેથી હટાવવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હોય તેવા સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ શ્રી વી.રામાસ્વામી હતા. જોકે તેમની વિરુદ્ધ આ મહાભિયોગનો પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં જન્મ થયો હોય તેવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

| ક્રમ (કેટલામાં મુખ્ય ન્યાયાધીશ) | નામ | જન્મ સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી હરિલાલ જે. કણિયા | નવસારી |
| 12 | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| 17 | શ્રી પી.એન. (પ્રફૂલચંદ નટવરલાલ) ભગવતી | અમદાવાદ |
| 26 | શ્રી અઝીઝ મુશ્બર અહમદી | સુરત |

**નોંધ :** સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી હરિલાલ જે. કણિયાના ભત્રીજા શ્રી એમ.એચ (મધુકર હીરાલાલ) કણિયા પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. જોકે, શ્રી એમ.એચ. કણિયાનો જન્મ મુંબઈમાં થયો હતો.

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્વના અનુચ્છેદ

ભારતીય બંધારણના ભાગ–5માં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જેમાંથી કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ–124 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ–124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ–124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| અનુચ્છેદ–124(3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| અનુચ્છેદ–124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |
| અનુચ્છેદ–124(6) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની રાષ્ટ્રપતિ સમક્ષ શપથ વિધિ |
| અનુચ્છેદ–125 | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોના વેતન અને ભથ્થાં |
| અનુચ્છેદ–126 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| અનુચ્છેદ–127 | તદર્થ (Ad-hoc) ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ–129 | નજીરી અદાલત (Court of Record) |
| અનુચ્છેદ–131 | સુપ્રીમ કોર્ટનું મૂળ અધિકારક્ષેત્ર |
| અનુચ્છેદ–132 | સુપ્રીમ કોર્ટનું અપીલ અધિકારક્ષેત્ર |
| અનુચ્છેદ–147 | અર્થઘટન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બેનામી ટ્રાન્ઝેક્શન એક્ટ

તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે 'બેનામી વ્યવહારો (પ્રતિબંધ) અધિનિયમ, 1988' (Benami Transaction (Prohibition), Act 1988)ની કલમ 3(2)ને ગેરબંધારણીય જાહેર કરી કારણ કે તે સ્પષ્ટ પણે સ્વૈચ્છિક છે.

- કલમ 3(2) બેનામી વ્યવહારો કરવા માટે સજાની જોગવાઈ કરે છે.
- ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે 2016માં જે અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો તે ફક્ત સંભવિત રીતે જ લાગુ કરી શકાય છે અને સુધારેલ અધિનિયમ અમલમાં આવે તે પહેલા તમામ કાર્યવાહી અથવા જપ્તીની કાર્યવાહીને રદ કરી શકાય છે.

## સુપ્રીમ કોર્ટે શું ચૂકાદો આપ્યો ?

સુપ્રીમ કોર્ટે 'બેનામી વ્યવહારો (પ્રતિબંધ) અધિનિયમ, 1988'ની કલમ 3(2)ને ગેરબંધારણીય જાહેર કરી છે. જેમાં બેનામી ટ્રાન્ઝેક્શન માટે ત્રણ વર્ષની જેલની સજા અને પ્રોપર્ટીના વાજબી બજાર મૂલ્યના 25 ટકા સુધીના દંડની જોગવાઈ છે.

- સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે "સંબંધિત અધિકારી, 2016 (25 ઓક્ટોબર, 2016)ની શરૂઆત પહેલા કરવામાં આવેલા વ્યવહારો માટે ફોજદારી કાર્યવાહી અથવા જપ્તીની કાર્યવાહી શરૂ અથવા ચાલુ રાખી શકશે નહીં. પરિણામે આવી તમામ કાર્યવાહી અથવા જપ્તીની કાર્યવાહી રદ કરવામાં આવશે."
- સુપ્રીમ કોર્ટે 1988ના અધિનિયમમાં બેનામી મિલકતોની ગેરબંધારણીય જપ્તીની જોગવાઈને પણ ગેરબંધારણીય ગણાવી હતી અને કહ્યું હતું કે 2016ના સુધારેલા અધિનિયમમાં જોગવાઈ માત્ર સંભવિત રીતે જ લાગુ થઈ શકે છે.
- કારણ કે તે 2016 સુધારા અધિનિયમ હેઠળ અન્ય આધારો પર ગણવામાં આવતી સ્વતંત્ર જપ્તીની કાર્યવાહીની બંધારણીયતા સાથે સંબંધિત નથી, તે યોગ્ય કેસોનો નિર્ણય લેવા માટે સ્વતંત્ર હતો.
- સુપ્રીમ કોર્ટના તાજેતરના ચૂકાદામાં 'પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002'ની જોગવાઈને સમર્થન આપ્યુ છે જે સત્તાવાળાઓને અસાધારણ કેસોમાં ટ્રાયલ પહેલાં મિલકતોનો કબજો લેવાની મંજૂરી આપે છે.
- સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે આવી જોગવાઈ મનસ્વી અરજીની શક્યતાને ખતમ કરે છે.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે અધિનિયમની જોગવાઈ ભારતીય બંધારણના અનુચ્છેદ 20(1)નું ઉલ્લંઘન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બેનામી મિલકત શું છે ?

બેનામીનો અર્થ 'નામ નથી' અથવા 'નામ વગર' થાય છે.

- બેનામી મિલકત એવી છે કે જે પ્રોક્સી (પ્રતિનિધિ) દ્વારા માલિક પાસે હોય છે. મિલકત એવી વ્યક્તિના નામે ખરીદવામાં આવી છે અથવા તેના નામે રાખવામાં આવી છે જેણે ન તો તેના માટે ચૂકવણી કરી છે અને ન તો તેનો ખરેખર ઉપયોગ કર્યો છે.
- તે અસ્તિત્વમાં ન હોય તેવા વ્યક્તિના નામે પણ રાખવામાં આવી શકે છે.
- આવી વ્યક્તિ 'બેનામીદાર' તરીકે ઓળખાય છે. આ નામ વાસ્તવિક માલિક, 'લાભકારી માલિક' માટે માત્ર એક ઉપનામ છે.
- પત્ની, બાળક, ભાઈ, બહેન અથવા અન્ય સંબંધિઓ સાથે સંયુક્ત મિલકત કે જેના માટે આવકના જાણીતા સ્ત્રોતોમાંથી રકમ ચૂકવવામાં આવે છે તે પણ બેનામી મિલકત હેઠળ આવે છે.

- તેમા સામેલ ટ્રાન્ઝેક્શનને બેનામી ટ્રાન્ઝેક્શન કહેવામાં આવે છે.
- ઉદાહરણ તરીકે ...........જો A એ મિલકત માટે ચૂકવણી કરી હોય, પરંતુ તે અન્ય વ્યક્તિ Bના નામે હોય તો તેને બેનામી મિલકત તરીકે લેબલ કરવામાં આવે છે........જો A અથવા B બંને કાલ્પનિક હોય તો મિલકતને બેનામી મિલકત તરીકે ગણવામાં આવે છે.

## બેનામી ટ્રાન્ઝેક્શન (પ્રોહિબિશન) એમેન્ડમેન્ટ એક્ટ 2016 વિશે

આ અધિનિયમે મૂળ અધિનિયમ 'બેનામી ટ્રાન્ઝેક્શન (પ્રોહિબિશન) એક્ટ, 1988'માં સુધારો કર્યો અને તેનું નામ બદલીને 'બેનામી પ્રોપર્ટી ટ્રાન્ઝેક્શન (પ્રોહિબિશન) એક્ટ, 1988' કર્યું હતું.

- કાયદો બેનામી ટ્રાન્ઝેક્શનને એક ટ્રાન્ઝેક્શન તરીકે વ્યાખ્યાયિત કરે છે જ્યાં :

(a) મિલકત કોઈ વ્યક્તિ પાસે છે અથવા તેને સ્થળાંતરિત કરવામાં આવી છે, પરંતુ તે અન્ય વ્યક્તિ દ્વારા પ્રદાન કરવામાં આવી છે અથવા ચૂકવવામાં આવી છે.

(b) વ્યવહાર કાલ્પનિક નામે કરવામાં આવ્યો છે.

(c) માલિકને મિલકતની માલિકીના જ્ઞાનને નકારવાની જાણ નથી

(d) મિલકત માટે દાવો સબમિટ કરનાર વ્યક્તિ શોધી શકાતી નથી.

## અપીલીય ટ્રિબ્યુનલ

આ અધિનિયમ અપીલીય ટ્રિબ્યુનલ માટે નિર્ણાયક સત્તાધારી દ્વારા પસાર કરાયેલા કોઈપણ આદેશ સામે અપીલની સુનાવણી માટે જોગવાઈ કરે છે.

- અપીલીય ટ્રિબ્યુનલના આદેશો સામે હાઈકોર્ટમાં અપીલ કરી શકાય છે.
- વિશેષ અદાલતે ફરિયાદ દાખલ કર્યાની તારીખથી છ મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરવી જોઈએ.

## સત્તાધિકારીઓ

આ અધિનિયમે બેનામી વ્યાવહારોની પૂછપરછ કરવા માટે ચાર સત્તાધિકારીઓની સ્થાપના કરી છે :

(1) પહેલ અધિકારી (Initiating Officer)

(2) મંજૂરી આપતી સત્તા (Approving Authority)

(3) સંચાલક (Administrator)


(4) નિર્ણાયક સત્તા (Adjudicating Authority)

- જો પહેલ કરનાર અધિકારીને લાગે કે તે વ્યક્તિ બેનામીદાર છે તો તે વ્યક્તિને નોટિસ આપી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એપ્રુવિંગ ઓથોરિટીની પરવાનગીને આધિન પ્રારંભિક અધિકારી અથવા પહેલ અધિકારી નોટિસ જારી કર્યાની તારીખથી 90 દિવસના સમયગાળા માટે મિલકતનો કબજો લઈ શકે છે.
- જો મિલકતની માલિકી ચાલુ રાખવા માટે કોઈ આદેશ પસાર કરવામાં આવે તો અધિકારીએ આ બાબતને નિર્ણાયક સત્તાધિકારીને મોકલવી જોઈએ.
- નિર્ણાયક સત્તા કેસને લગતા તમામ દસ્તાવેજો તથા પુરાવાઓની તપાસ કરશે અને પછી મિલકતને બેનામી તરીકે રાખવી કે નહીં તે અંગેનો આદેશ પસાર કરશે.
- સુધારેલ કાયદો નિયુક્ત સત્તાવાળાઓને અસ્થાયીરૂપે બેનામી મિલકતોને જોડવાની સત્તા આપે છે જે આખરે જપ્ત થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** શ્રી ઉદય ઉમેશ લલિત તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટના કેટલામાં મુખ્ય ન્યાયાધીશ બન્યા છે ?

(A) 48મા (B) 49મા (C) 50મા (D) 51મા **(B)**

**2.** ભારતની સુપ્રીમ કોર્ટના 49મા ચીફ જસ્ટિસ તરીકે શ્રી ઉદય ઉમેશ લલિતને કોણે શપથ અપાવ્યા છે ?

(A) શ્રી એન.વી. રમન્ના (B) શ્રીમતી દ્રૌપદી મુર્મુ

(C) શ્રી જગદીપ ધનખર (D) તેમણે શપથ લેવાના હોતા નથી **(B)**

**3.** ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તથા મુખ્ય ન્યાયાધીશના શપથ અંગેની જોગવાઈ છે ?

(A) અનુચ્છેદ 124(3) (B) અનુચ્છેદ 124(4)

(C) અનુચ્છેદ 124(5) (D) અનુચ્છેદ 124(6) **(D)**

**4.** ભારતીય બંધારણના અનુચ્છેદ 124(6) અનુસાર ભારતમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તથા મુખ્ય ન્યાયાધીશને હોદ્દાના શપથ કોણ અપાવે છે ?

(A) પૂર્વ ન્યાયાધીશ

(B) ઉપરાષ્ટ્રપતિ

(C) દિલ્હીના ઉપરાજ્યપાલ

(D) રાષ્ટ્રપતિ અથવા તેમના દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ **(D)**

**5.** ભારતીય બંધારણના કયા ભાગમાં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ભાગ–5 (B) ભાગ–6 (C) ભાગ–7 (D) ભાગ–8 **(A)**

**6.** તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે 'બેનામી વ્યવહારો (પ્રતિબંધ) અધિનિયમ, 1988' (Benami Transaction (Prohibition)Act, 1988)ની કઈ કલમને ગેરબંધારણીય જાહેર કરી છે ?

(A) કલમ 203(2) (B) કલમ 103(2) (C) કલમ 33(2) (D) કલમ 3(2) **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 29 ઓગસ્ટ, (1) પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ
(International Day Against Nuclear Tests)
(2) રાષ્ટ્રીય રમત દિવસ
(National Sports Day)

## પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ

સમગ્ર વિશ્વમાં 29 ઓગસ્ટના રોજ પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પરમાણુ હથિયારના ઘાતક પ્રભાવો અંગે જાગૃતિ ફેલાવીને સમગ્ર વિશ્વને પરમાણુ હથિયારથી મુક્ત કરવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ડિસેમ્બર, 2009માં એક પ્રસ્તાવ પસાર કરીને આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2010 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.

## 29 ઓગસ્ટના રોજ શા માટે આ દિવસ ઉજવાય છે ?

સોવિયેત સંઘના અત્યંત મહત્વના પરમાણુ પરીક્ષણ સ્થળ સેમીપલા તિન્સ્કને 29 ઓગસ્ટ, 1991ના રોજ બંધ કરવામાં આવ્યું હતું.

- આથી, આ દિવસની યાદમાં 29 ઓગસ્ટના રોજ પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સેમીપલા તિન્સક પરમાણુ પરીક્ષણ કેન્દ્રમાંથી સોવિયત સંઘે 1949 થી 1989 સુધીમાં આશરે 456 જેટલા પરમાણુ પરીક્ષણો કર્યા હતા.

## રાષ્ટ્રીય રમત દિન



ભારતમાં દર વર્ષે 29 ઓગસ્ટ 'રાષ્ટ્રીય રમત દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં 'હોકીના જાદુગર' શ્રી મેજર ધ્યાનચંદની યાદમાં તેમનો જન્મ દિન ભારતમાં રાષ્ટ્રીય રમત દિન તરીકે ઉજવાય છે.
- શ્રી મેજર ધ્યાનચંદનો જન્મ 29 ઓગસ્ટ, 1905ના રોજ અલહાબાદ (હવે પ્રયાગરાજ) ખાતે થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ 'The Wizard of Hockey' તથા 'The Magician of Hockey'ના ઉપનામથી પ્રસિદ્ધ હતા.
- તેમણે 1928, 1934 અને 1936માં ભારતને ઓલિમ્પિકમાં કુલ ત્રણ ગોલ્ડ મેડલ અપાવ્યા હતા.
- 1926 થી 1948 સુધીની તેમની કારકિર્દીમાં તેમણે હોકીમાં 400 ગોલ કર્યા હતા.
- વર્ષ 2021માં તેમના નામ પરથી ભારતનું સર્વોચ્ચ રમત સન્માન 'રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ'નું નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' રાખવામાં આવ્યું હતું.

## વજ્ર પ્રહાર યુદ્ધ અભ્યાસ : ભારત-અમેરિકા

ભારત–અમેરિકા વિશેષ દળોના અભ્યાસ વજ્ર પ્રહારની 13મી આવૃત્તિ તાજેતરમાં હિમાચલ પ્રદેશના બકલોહમાં યોજાઈ હતી.

- આ અગાઉ ઓક્ટોબર, 2021માં અમેરિકાના વોશિંગ્ટનમાં જોઈન્ટ બેઝ લુઈસ મેક કોર્ડ ખાતે યોજાઈ હતી.
- આ 21 દિવસની સંયુક્ત તાલીમ દરમિયાન બંને દેશોના વિશેષ દળોએ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર હેઠળ સંયુક્ત વાતાવરણમાં સ્પેશિયલ ઓપરેશન્સ, હવાઈ અભિયાનો અને આતંકવાદ વિરોધી કામગીરીની તાલીમ લીધી હતી.
- આ અભ્યાસ બે તબક્કામાં હાથ ધરવામાં આવ્યો હતો.
- પ્રથમ તબક્કામાં યુદ્ધ અનુકૂલન અને વ્યૂહાત્મક સ્તરની વિશેષ મિશન તાલીમ અભ્યાસનો સમાવેશ થતો હતો.
- બીજા તબક્કામાં પ્રથમ તબક્કામાં બંને પક્ષ દ્વારા પ્રાપ્ત તાલીમની પૃષ્ટિના 48 કલાકનો સમાવેશ થાય છે.
- આ સંયુક્ત અભ્યાસ ભારત અને અમેરિકામાં બંને દેશોના વિશેષ દળો દ્વારા વૈકલ્પિક રીતે કરવામાં આવે છે.
- વિશેષ દળો એ દેશના સશસ્ત્ર દળોના એકમો છે જે ગુપ્ત, આતંકવાદ વિરોધી અને અન્ય વિશિષ્ટ કામગીરી છે.
- વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં બંને રાષ્ટ્રો દ્વારા સામનો કરવામાં આવતા સુરક્ષા પડકારોના સંદર્ભમાં યુ.એસ. દળો સાથે વજ્ર પ્રહાર અભ્યાસનું મહત્વ છે.

## શ્રી નીરજ ચોપરાએ ડાયમંડ લિગનો ખિતાબ જીત્યો




તાજેતરમાં શ્રી નીરજ ચોપરાએ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.

- શ્રી નીરજ ચોપરાએ 'Lausanne Diamond League 2022' જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.
- શ્રી નીરજ ચોપરાએ આ ટાઈટલ જીતવા માટે પ્રથમ પ્રયાસમાં જ 89.08 મીટરનો થ્રો કર્યો હતો.
- આ સાથે જ તેઓ ડાયમંડ લિગનું ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.

## શ્રી નીરજ ચોપરા

શ્રી નીરજ ચોપરાનો જન્મ 24 ડિસેમ્બર, 1997ના રોજ હરિયાણા રાજ્યના પાણીપત્ત શહેરના ખાંદ્રા ગામમાં થયો હતો.

- તેઓ ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લેટમાં જેવેલિન થ્રોઅર (ભાલા ફેંકનાર) ખેલાડી છે.
- શ્રી નીરજ ચોપરા ભારતીય સેનાના નાયબ સુબેદાર પદ પર છે. આથી તેમને સુબેદાર નીરજ ચોપરા તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેઓ સેનામાં રાજપૂતાના રાઈફલ સાથે સંકળાયેલા છે.
- ટોક્યો ઓલિમ્પિક 2020માં તેમણે ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો હતો.
- ઓલિમ્પિકમાં વર્ષ 2008માં શ્રી અભિનવ બિન્દ્રાએ શુટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ શ્રી નીરજ ચોપરા વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનાર બીજા ભારતીય ખેલાડી બન્યા હતા.
- આ ઉપરાંત ઓલિમ્પિકમાં જેવેલિન થ્રો (ભાલા ફેંક)માં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ એશિયન એથ્લેટ છે.

### શ્રી નીરજ ચોપરાએ જેવેલિન થ્રોમાં જીતેલા મેડલ

| ક્રમ | ઈવેન્ટ | વર્ષ | મેડલ |
|---|---|---|---|
| 1 | એશિયન જુનિયર ચેમ્પિયનશિપ | 2016 | સિલ્વર |
| 2 | વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપ | 2016 | ગોલ્ડ |
| 3 | દક્ષિણ એશિયન ગેમ્સ | 2016 | ગોલ્ડ |
| 4 | એશિયન ચેમ્પિયનશિપ | 2017 | ગોલ્ડ |
| 5 | કોમનવેલ્થ ગેમ્સ (ગોલ્ડ કાસ્ટ) | 2018 | ગોલ્ડ |
| 6 | એશિયન ગેમ્સ (જકાર્તા) | 2018 | ગોલ્ડ |
| 7 | ટોક્યો ઓલિમ્પિક 2020 | - | ગોલ્ડ |
| 8 | વર્લ્ડ ચેમ્પિયનશિપ (યુજેન) | 2022 | સિલ્વર |

- આ ઉપરાંત શ્રી નીરજ ચોપરાએ ઘણી બધી ઈવેન્ટોમાં અસંખ્ય મેડલ જીત્યા છે.
- શ્રી નીરજ ચોપરાને મળેલા પુરસ્કારો નીચે મુજબ છે :

(1) અર્જુન એવોર્ડ (2018), (2) વિશિષ્ટ સેવા મેડલ (VSM) (2020),
(3) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર (2021), (4) પરમ વિશિષ્ટ સેવા મેડલ (PVSM) (2022),
(5) પદ્મ શ્રી (2022)

નોંધ :(1) પૂણે છાવણીના આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ (ASI) સ્ટેડિયમનું 27 ઓગસ્ટ, 2021ના રોજ સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ દ્વારા નામ બદલીને 'નીરજ ચોપરા સ્ટેડિયમ' રાખવામાં આવ્યું છે.

(2) ટોક્યો ઓલિમ્પિક 2020નું આયોજન કોવિડ–19 મહામારીના કારણે વર્ષ 2021માં આયોજન થયું હતું.

1. ‘પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 ઓગસ્ટ (B) 28 ઓગસ્ટ (C) 29 ઓગસ્ટ (D) 30 ઓગસ્ટ (C)

2. ભારતમાં દર વર્ષે ‘રાષ્ટ્રીય રમત દિન’ અથવા તો ‘નેશનલ સ્પોર્ટ્સ ડે’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 ઓગસ્ટ (B) 28 ઓગસ્ટ (C) 29 ઓગસ્ટ (D) 30 ઓગસ્ટ (C)

3. ભારતમાં કોનો જન્મ દિન 29 ઓગસ્ટ ‘રાષ્ટ્રીય રમત દિન’ તરીકે ઉજવાય છે ?

(A) શ્રી રણજીત સિંહ (B) શ્રી અજીત વાડેકર

(C) શ્રી અમનદિપ સિંહ (D) મેજર ધ્યાનચંદ (D)

4. હોકીના જાદુગર તરીકે પ્રસિદ્ધ મેજર ધ્યાનચંદનો જન્મ ક્યાં થયો હતો ?

(A) ભોપાલ (B) પ્રયાગરાજ (C) મુંબઈ (D) પટના (B)

5. ‘વજ્ર પ્રહાર’ નામનો યુદ્ધ અભ્યાસ તાજેતરમાં કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?

(A) ભારત–અમેરિકા (B) ભારત–બાંગ્લાદેશ

(C) ભારત–જાપાન (D) ભારત–શ્રીલંકા (A)

6. તાજેતરમાં કયા ભારતીય રમતવીરે 'Lausanne Diamond League 2022'નો ખિતાબ જીત્યો હતો ?

(A) શ્રી બજરંગ પુનિયા (B) શ્રી નીરજ ચોપરા

(C) શ્રી લક્ષ્ય સેન (D) શ્રી અભિમન્યુ મિશ્રા (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 ઓગસ્ટ, લઘુ ઉદ્યોગ દિવસ અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ



દર વર્ષે 30 ઓગસ્ટના રોજ 'લઘુ ઉદ્યોગ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ નાના ઉદ્યોગને પ્રોત્સાહન અને બેરોજગારોને રોજગારીની તકો પૂરી પાડવાના ઉદ્દેશથી ઉજવવામાં આવે છે.
- ભારત જેવા વિકાસશીલ દેશમાં આર્થિક વિકાસ માટે લઘુ ઉદ્યોગની મહત્વની ભૂમિકા છે.
- ભારતના એકંદર આર્થિક વિકાસમાં વ્યૂહાત્મક મહત્ત્વને ધ્યાનમાં રાખીને નાના પાયે ક્ષેત્રના વિકાસની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.
- ભારતમાં નાની કંપનીઓને નોંધપાત્ર ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે 30 ઓગસ્ટ, 2000ના રોજ નાના પાયાના ક્ષેત્ર માટે એક વ્યાપક નીતિ પેકેજ શરૂ કરવામાં આવ્યું હતું.
- 30 ઓગસ્ટ, 2001ના રોજ લઘુ ઉદ્યોગ મંત્રાલયે નવી દિલ્હીમાં નાના ઉદ્યોગ સાહસિકો માટે એક 'લઘુ ઉદ્યોગ પરિષદ'નું આયોજન કર્યું હતું. જેમાં લઘુ ઉદ્યોગો માટેના રાષ્ટ્રીય પુરસ્કારો પણ રજૂ કરવામાં આવ્યા હતા.
- ત્યારથી દર વર્ષે 30 ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ'નું આયોજન કરવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી સમીર વી. કામત DRDOના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત



તાજેતરમાં દેશના જાણિતા વૈજ્ઞાનિક ડો.સમીર વી. કામત (Samir V. Kamat)ને DRDOના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- ડો. સમીર કામત DRDOના અધ્યક્ષ તરીકે શ્રી જી.સતીશ રેડ્ડીનું સ્થાન લેશે.
- આ ઉપરાંત શ્રી જી. સતીશ રેડ્ડીને સંરક્ષણ મંત્રીના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- શ્રી સમીર વી. કામત 60 વર્ષની ઉંમર સુધી અથવા આગળના આદેશ સુધી આ પદ પર ચાલુ રહેશે.

## શ્રી સમીર વી કામત

શ્રી સમીર વી કામતનું પૂરું નામ <u>ડો. સમીર વેંકટપતિ કામત</u> છે.

- તેમણે 1985માં <u>IIT ખડગપુરમાંથી</u> મેટલર્જિકલ એન્જિનિયરિંગમાં B.Tech એન્જિનિયરિંગ (ઓનર્સ) ડિગ્રી મેળવી હતી.
- તેઓ <u>1989માં DRDO</u>માં જોડાયા હતા.
- વર્ષ <u>2015</u>માં તેમણે <u>લેબ ડાયરેક્ટર</u> તરીકેની જવાબદારી સંભાળી હતી.
- <u>વર્ષ 2017</u>માં તેમને <u>નેવલ સિસ્ટમ્સ એન્ડ મટિરિયલ્સ (NS&M)</u>ના ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા.
- દેશની સંરક્ષણ પ્રણાલીને મજબૂત કરવા માટે ડો. કામતે અનેક પ્રકારના શ્રેષ્ઠ સાધનો અને પ્રણાલીઓ તૈયાર કરી છે.

## DRDO

DRDOનું પૂરું નામ <u>'Defence Research and Development Organization'</u> <u>(સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન)</u> છે.

- DRDO એ ભારતમાં સંરક્ષણ અથવા સૈન્ય સંબંધિત સંશોધન અને વિકાસ માટેની ભારતની એક અગ્રણી સંસ્થા છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના <u>સંરક્ષણ મંત્રાલય</u> અંતર્ગત આ સંસ્થા કાર્ય કરે છે.
- ભારતમાં વિવિધ ગન, બોમ્બ, ટેન્ક, મિસાઈલ તથા યુદ્ધ વિમાનો અને યુદ્ધ જહાજો સહિતના સંરક્ષણ સાધનોનો વિકાસ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- ભારતમાં <u>1958</u>માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- <u>DRDO ભવન</u> તરીકે ઓળખાતુ તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- DRDOનું આદર્શ વાક્ય (Motto) <u>'બલસ્ય મૂલ વિજ્ઞાનમ'</u> છે.
- DRDO અંતર્ગત દેશભરમાં <u>52 જેટલી પ્રયોગશાળાઓ</u> કાર્યરત છે.
- આ પ્રયોગશાળાઓ એરોનોટિક્સ, ઈલેક્ટ્રોનિક્સ, આર્મમેન્સ, લાઈફ સાયન્સ, લેન્ડ વોરફેર ઈજનેરી, નૌકા પ્રણાલી, સામગ્રી અને મિસાઈલ જેવા ક્ષેત્રોને આવરી લેતી સંરક્ષણ તકનીકોના વિકાસમાં રોકાયેલી છે.

**નોંધ :** DRDO અને તેની પ્રયોગશાળાના સ્ટાફમાં <u>5,000</u> જેટલા વૈજ્ઞાનિકો અને <u>25,000</u> જેટલા ટેક્નિકલ સ્ટાફનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અર્થગંગા પ્રોજેક્ટ




તાજેતરમાં જળ શક્તિ મંત્રાલયે ગંગા નદીના કિનારે આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે નમામી ગંગે કાર્યક્રમ હેઠળ 'અર્થ ગંગા' નામની નવી પહેલનું અનાવરણ કર્યુ હતું.

- 'અર્થ ગંગા' એટલે ગંગા સંબંધિત આર્થિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ટકાઉ વિકાસ મોડલ વિકસાવવું.
- અર્થ ગંગા હેઠળ સરકાર છ કાર્યક્ષેત્રો પર કામ કરી રહી છે જે નીચે મુજબ છે :

(1) પ્રથમ ઝીરો બજેટ પ્રાકૃતિક ખેતી છે, જે નદીની બંને બાજુએ 10 કિમી આવરી લે છે. ગોબર ધન યોજના દ્વારા રાસાયણિક મુક્ત ખેતી અને ખાતર તરીકે ગાયના છાણને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

(2) બીજું મુદ્રીકરણ અને કચરો તથા નકામા પાણીનો પુન: ઉપયોગ છે, જેમાં સિંચાઈ, ઉદ્યોગો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULb) માટે આવક નિર્માણ માટે ટ્રીટેક અથવા સારવાર કરેલ પાણીનો પુન: ઉપયોગ સામેલ છે.

(3) અર્થ ગંગામાં હાટ બનાવીને આજીવિકા પેદા કરવાની તકો પણ સામેલ કરવામાં આવશે. જ્યાં લોકો સ્થાનિક ઉત્પાદનો, ઔષધીય છોડ અને આયુર્વેદિક ઉત્પાદનો વેચી શકે.

(4) ચોથું છે નદી સાથે સંકળાયેલા હિસ્સેદારી વચ્ચે તાલમેલ વધારીને જનભાગીદારી વધારવી.

(5) મોડલ બોટ પર્યટન, એડવેન્ચર સ્પોર્ટ્સ અને યોગ પ્રવૃત્તિઓ દ્વારા ગંગામાં અને તેની આસપાસ સાંસ્કૃતિક વારસો અને પ્રવાસનને પ્રોત્સાહન આપશે.

(6) અંતિમ મોડલ બહેતર જળ શાસન માટે સ્થાનિક વહીવટતંત્રને સશક્તિકરણ કરીને સંસ્થાકીય નિર્માણને પ્રોત્સાહન આપવા માંગે છે.

નોંધ: (1) નમામી ગંગે કાર્યક્રમ એક સંકલિત સંરક્ષણ મિશન છે. જે રાષ્ટ્રીય ગંગાનદીના પ્રદૂષણને અસરકારક રીતે ઘટાડવા અને પુનઃજીવિત કરવાના બે ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવા માટે જૂન 2014માં કેન્દ્ર સરકાર દ્વારા 'ફ્લેગશિપ પ્રોગ્રામ' તરીકે મંજૂર કરવામાં આવ્યું હતું.

(2) તે જળ શક્તિ મંત્રાલય હેઠળ કાર્યરત છે. તથા તેનો અમલ રાષ્ટ્રીય મિશન ફોર કલીન ગંગા દ્વારા કરવામાં આવે છે.

**1.** ‘લઘુ ઉદ્યોગ દિવસ’ અથવા તો ‘રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 ઓગસ્ટ (B) 29 ઓગસ્ટ (C) 30 ઓગસ્ટ (D) 31 ઓગસ્ટ **(C)**

**2.** તાજેતરમાં DRDOના નવા અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) ડૉ. સમીર વી. કામત (B) ડૉ. જી.એન. રેડ્ડી

(C) શ્રી એ. પરમેશ્વરન (D) ડૉ. એન.એમ.ઐયર **(A)**

**3.** DRDOની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1952 (B) 1958 (C) 1967 (D) 1969 **(B)**

**4.** ‘DRDO ભવન’તરીકે ઓળખાતું DRDOનું વડું મથક કયા સ્થળે આવેલું છે ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) બેંગ્લોર (D) પૂણે **(A)**

**5.** તાજેતરમાં ચર્ચામાં રહેલ અર્થ ગંગા પ્રોજેક્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તાજેતરમાં જળ શક્તિ મંત્રાલયે નમામી ગંગે કાર્યક્રમ હેઠળ ‘અર્થ ગંગા’ પ્રોજેક્ટ નામની નવી પહેલનું અનાવરણ કર્યુ હતું.

(B) આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ગંગા સંબંધિત આર્થિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ટકાઉ વિકાસ મોડલ વિકસાવવાનો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 31 ઓગસ્ટ, આફ્રિકન મૂળના લોકો માટે આંતરરાષ્ટ્રીય દિવસ

## કુશિયારા નદી : ભારત-બાંગ્લાદેશ વચ્ચે MoU



ભારત–બાંગ્લાદેશ સંયુક્ત નદી આયોગની 38મી મંત્રી સ્તરીય બેઠક દરમિયાન બંને દેશોએ કુશિયારા નદીના પાણીને વચગાળાને ધોરણે વહેંચવા માટેના સમજૂતી કરાર (MoU)ને અંતિમ સ્વરૂપ આપ્યું હતું.

- આ બેઠકમાં બંને દેશોએ પાણીની વહેંચણી, પૂરના ડેટાની વહેંચણી, નદીના પ્રદૂષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા તથા બંને દેશો વચ્ચે નદી કાંઠાની સુરક્ષા સહિત પરસ્પર હિતના ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.
- આ બેઠક દરમિયાન ગંગા, તિસ્તા, મનુ, મુહુરી, ખોવાઈ, ગુમતી, ધરલા, દૂધકુમાર વગેરે અન્ય નદીઓને લગતા મુદ્દાઓના તમામ પાસાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.
- આ દરમિયાન બંને પક્ષોએ ત્રિપુરાના સબરૂમ ટાઉનની પીવાના પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા ફેની નદીના જળ સંચયની સાઈટ અને તેના તકનીકી માળખાને અંતિમ સ્વરૂપ આપવાનું સ્વાગત કર્યુ હતું. નોંધનીય છે કે આ સંબંધમાં ઓક્ટોબર 2019માં બંને દશો વચ્ચે એક MoU અસ્તિત્વમાં આવ્યો હતો.

### સંયુક્ત નદી આયોગ (JRC)

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંયુક્ત નદી આયોગ (જોઈન્ટ રિવર્સ કમિશન–JRC)ની સ્થાપના વર્ષ 1972માં દ્વિપક્ષીય પદ્ધતિ તરીકે કરવામાં આવી હતી, જેથી સરહદી નદીઓ પર પરસ્પર હિતના મુદ્દાઓ ઉકેલી શકાય.

- સંયુક્ત નદી આયોગનું નેતૃત્વ બંને દેશોના જળ સંશાધન મંત્રીઓ કરે છે.
- ભારત અને બાંગ્લાદેશ 54 નદીઓ વહેંચે છે.
- બાંગ્લાદેશની તમામ નદીઓનો સ્ત્રોત કાં તો ભારતમાં છે અથવા તો તેમાંથી પસાર થાય છે.

### કુશિયારા નદી

કુશિયારા નદી એ બાંગ્લાદેશ અને આસામમાં વહેતી નદી છે.

- કુશિયારા નદી બરાક નદીની એક શાખા તરીકે ભારત–બાંગ્લાદેશ સરહદ બનાવે છે, જ્યારે તે બરાકની બીજી શાખા સુરમાથી અલગ પડે છે.
- બાંગ્લાદેશમાં થોડે દૂર વહેતા તે ફરીથી સુરમા નદીમાં જોડાય છે અને આ સંયુક્ત નદીને હવે મેઘના નદી તરીકે ઓળખવામાં આવે છે.
- મણિપુર, મિઝોરમ અને આસામ કુશિયારા નદીની ઉપનદીઓમાંથી પાણી મેળવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફેની નદી

બંગાળી ભાષામાં ફેની નોડી તરીકે ઓળખાતી ફેની નદી ભારત–બાંગ્લાદેશ સરહદનો એક ભાગ છે.

- ફેની નદી દક્ષિણ ત્રિપુરા જિલ્લામાં ઉદ્ભવે છે અને સબરૂમ શહેરમાંથી બાંગ્લાદેશમાં વહે છે અને આગળ બંગાળની ખાડીમાં જોડાય છે.
- આ નદીની નજીકના શહેરોમાં રહેતા લોકો માટે તેનું કૃષિ મહત્વ ઘણું વધારે છે.
- આ નદી તેમની આજીવિકાનો સ્ત્રોત પણ છે જેના દ્વારા તેઓ તેમના પાકને સિંચાઈ કરવા અને તેમની નિયમિત જરૂરિયાતો માટે પાણીનો ઉપયોગ કરવા જેવા ઘણા લાભો મેળવે છે.
- ભારત–બાંગ્લાદેશને જોડવા માટે ત્રિપુરામાં ફેની નદી પર 1.9 કિલોમીટર લાંબો પુલ 'મૈત્રી સેતુ' બનાવવામાં આવ્યો છે.

# ગુજરાતમાં સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ તરણેતરનો મેળો

સુરેન્દ્રનગરના થાનગઢમાં 30 ઓગસ્ટના રોજ પ્રસિદ્ધ તરણેતરના મેળાનો પ્રારંભ થયો છે.

- કોવિડ–19 મહામારીના કારણે છેલ્લા બે વર્ષથી તરણેતરના મેળાનું આયોજન થયું ન હતું.

## તરણેતરનો મેળો

- ગુજરાતમાં **સુરેન્દ્રનગર** જિલ્લાના **ચોટીલા** તાલુકાના **થાન** અથવા તો **થાનગઢ** પાસે આવેલા **તરણેતર**માં દર વર્ષે સામાન્ય રીતે **ભાદરવા સુદ ચોથ**, **પાંચમ** અને **છઠના** રોજ મેળો ભરાય છે.
- તરણેતરના આ મેળાનો સૌરાષ્ટ્રના સૌથી મહત્ત્વના ત્રણ મેળામાં સમાવેશ થાય છે.

## સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ત્રણ મેળા

ગુજરાતમાં સૌરાષ્ટ્રના સૌથી વધુ પ્રસિદ્ધ અને સૌથી વધુ મહત્ત્વના ત્રણ મેળાઓમાં નીચેના મેળાઓનો સમાવેશ થાય છે :

**(1) ભવનાથનો શિવરાત્રીનો મેળો**

**(2) ઘેડ પ્રદેશમાં માધવપુરનો મેળો અને**

**(3) પાંચાળનો તરણેતરનો મેળો**

- આ ત્રણ મેળાઓમાંથી તરણેતરનો મેળો **'રંગનો મેળો'**, માધવપુરનો મેળો **'રૂપનો મેળો'** અને ભવનાથનો મેળો **'ભક્તિના મેળા'** તરીકે પ્રસિદ્ધ છે.

## તરણેતરના મેળાની વિશેષતા

તરણેતરનો મેળો યૌવન, રંગ, રૂપ, મસ્તી, લોકગીત, દૂહા અને લોકનૃત્યનો મેળો છે. તરણેતરનાં મેળાની મુખ્ય ત્રણ વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) આ મેળાની રાવટીઓમાં વહેલી રાતથી માંડીને સવાર સુધી ચાલતી ભજનની લહેર.

(2) સામસામા બોલાતા દૂહા

(3) 200-200 ભાઈ–બહેનોના એક સાથે લેવાતા **હૂડા અને હાજા રાસ.**

આ ઉપરાંત આ મેળાની અન્ય વિશેષતાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- ગ્રામ્ય રમતોત્સવનું આયોજન.
- પશુ પ્રદર્શન અને હરિફાઈ
- આ મેળામાં અગાઉ શણગાર સજીને આવતા બળદગાડા, આગવા પોશાક તથા પહેરવેશમાં સજ્જ થઈને આવતા વિવિધ જ્ઞાતિના લોકો વગેરેનું વિશિષ્ટ આકર્ષણ હતું.
- આ મેળામાં અગાઉ સૌરાષ્ટ્રની ભાતીગળ લોકસંસ્કૃતિનો સમૂહ અહીં ભેગો થતો હતો. જેમાં ખાસ કરીને માલધારી સમાજ, મોટાભાઈ ભરવાડ, નાનાભાઈ ભરવાડ, રબારી સમાજ, તળપદા કોળી સમાજ, ચુવાળિયા ઠાકોર સમાજ ઉપરાંત ક્ષત્રિય સમાજમાંથી ગરાસીયા દરબારો, કાઠી દરબારો આવતા. આ ઉપરાંત અહીં અન્ય જ્ઞાતિના લોકો પણ આનંદ અને ઉલ્લાસથી આ મેળામાં સહભાગી થતા હતા.
- આ મેળામાં **તરણેતર**માં આવેલા **ત્રિનેત્રેશ્વર મહાદેવ**ના મંદિર પાસે ત્રણ કુંડમાં **ઋષિ પંચમી**ને દિવસે લોકો પોતાના મૃત્યુ પામેલા સ્વજનોના અસ્થિ પધરાવી, કુંડમાં નાહીને ગંગામાં નાહયાનું પુણ્ય માને છે.
- આ મેળામાં **ઋષિ પંચમી**ને દિવસે **પાળિયાદ**ના મહંત **શ્રી વિમાસણ બાપુ**ની યાદમાં **ત્રિનેત્રેશ્વર મંદિર** પર **પાળિયાદ**ની **બાવન ગજની ધજા** ચડે છે. તેનું પણ વિશેષ આકર્ષણ છે.

## તરણેતર મંદિરનો ઈતિહાસ

તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર વિશે અનેક લોકવાયકાઓ છે. જેમ કે,

(1) અયોધ્યાના **સૂર્યવંશી રાજા શ્રી યુવનાશ્વ**ના પુત્ર **શ્રી માંધાતા**એ આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

(2) તરણેતરનો પ્રદેશ **પાંચાળ પ્રદેશ** તરીકે ઓળખાય છે. મહાભારત સમયે દ્રુપદ નગરી પાંચાળમાં હતી. મહાભારતની કથા અનુસાર મહારાજા દ્રુપદની પુત્રી **દ્રૌપદીનો સ્વયંવર** તરણેતરમાં યોજાયો હતો. અને અત્યારે આ સ્થળ ઉપર જે કુંડ આવેલો છે, તેમાં અર્જુન દ્વારા **મત્સ્યવેધ** થયો હતો. આમ, આ રીતે આ સ્થળ સાથે **દ્રૌપદીનાં વિવાહ**નો પ્રસંગ જોડાયેલો છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) અહીં ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર ફરતે ત્રણ કુંડ આવેલા છે. આ કુંડ **બ્રહ્મકુંડ**, **વિષ્ણુકુંડ** અને **શિવકુંડ** તરીકે ઓળખાય છે. આ કુંડમાં **પાંચ ઋષિઓ**એ ભેગા થઈને ગંગાજીના અવતરણ માટે આહવાન કરીને અહીં **ગંગાજીનું પ્રાગટ્ય** કર્યું હતું. આથી,ગંગાજીના અવતરણને નિમિત્ત બનાવી અહીં લોકો **ઋષિ પંચમી**ને દિવસે પોતાના મૃત્યુ પામેલા સ્વજનોની તૃપ્તિ માટે આ કુંડમાં સ્નાન કરે છે.

(4) આ મંદિરની શૈલી **ગુર્જર પ્રતિહાર** પ્રકારની હોવાથી સંશોધનકારોના મતે **દસમી સદી**માં **પ્રતિહાર રાજાઓ** દ્વારા આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હોવાનું માનવામાં આવે છે.

(5) તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર **ઓગસ્ટ, 1902**માં **લખતર**ના રાજવી **શ્રી કરણસિંહજી**એ તેમના પુત્રી **કરણબા**ના સ્મરણાર્થે કરાવ્યો હતો.

(6) આ મંદિરમાં **બે શિવલિંગ** સ્થાપિત છે. જાણકારોના મતે મોટું શિવલિંગ પ્રાચીન છે. અને તેની બાજુમાં આવેલા પ્રમાણમાં નાના શિવલિંગની પ્રતિષ્ઠા **શ્રી કરણસિંહજી**એ મંદિરના જીર્ણોદ્ધાર સમયે કરી હતી.

નોંધ : (1) તરણેતર ગામનું સાચું નામ 'ત્રિનેત્રેશ્વર' હતું. તેનું અપભ્રંશ થતાં આ ગામ હાલ તરણેતર તરીકે ઓળખાય છે.

(2) ગુજરાતનું તરણેતર અથવા તો થાનગઢ વાસુકી નાગની ભૂમિ તરીકે પણ ઓળખાય છે.




# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં અટલ બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યુ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પરના આઈકોનિક 'અટલ બ્રિજ'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતિ પર 25 ડિસેમ્બરે તેનું નામ અટલ સેતુ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર 'ખાદી ઉત્સવ'માં નિર્દેશન કર્યુ હતું.

## અટલ બ્રિજ



અમદાવાદ શહેરમાંથી વહેતી સાબરમતી રિવર ફ્રન્ટના કિનારે સાબરમતી નદી પર આ પુલ બનાવવામાં આવ્યો છે.

- આ પુલ ચાલીને જનાર વ્યક્તિઓ ઉપરાંત સાઈકલ સવારો પણ નદી પાર કરવા માટે ઉપયોગ કરી શકશે.
- આકર્ષક ડિઝાઈન અને LED લાઈટોથી સજ્જ આ પુલ લગભગ 300 મીટર લાંબો અને 14 મીટર પહોળો છે.
- આ પુલના નિર્માણમાં 2600 મેટ્રિક ટન સ્ટીલ પાઈપનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- તથા રેલિંગ કાચ અને સ્ટીલની બનેલી છે.
- નદીના લોઅર તથા અપર પ્રોમિનાડ (ફૂટપાથ) પરથી બંને બાજુએથી (પશ્ચિમ કાંઠે તથા પૂર્વ બાજુએથી) બ્રિજમાં પ્રવેશ કરી શકાશે.
- આ પુલ પૂર્વ અને પશ્ચિમ કાંઠે મલ્ટી–લેવલ કાર પાર્કિંગ અને પ્લાઝાથી લઈને પૂર્વ કાંઠે ફ્લાવર પાર્ક અને પશ્ચિમ કાંઠે ઈવેન્ટ ગ્રાઉન્ડ વચ્ચેના પ્રસ્તાવિત આર્ટસ, કલ્ચરલ અને એક્ઝિબિશન સેન્ટર સુધીની વિવિધ જાહેર જગ્યાઓને કનેક્ટિવિટી પ્રદાન કરશે.
- આ પુલ બનાવવાનો કુલ ખર્ચ 74.29 કરોડ રૂપિયા છે.

INSTITUTE FOR CO

## ખાદી ઉત્સવ

આઝાદીના <u>75 વર્ષ</u> પૂર્ણ થયાના અવસરે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા વિશ્વના સૌથી મોટા <u>'ખાદી ઉત્સવ'</u>માં <u>7500 ખાદી કારીગરોએ</u> એકસાથે ચરખા પર સૂતર કાંતીને નવો ઈતિહાસ રચ્યો હતો.

- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બારડોલી સત્યાગ્રહમાં ઉપયોગમાં લેવાયેલો ચરખો કાંતિને પ્રેરણાત્મક સંદેશો પાઠવીને ખાદી કારિગરો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.



1. 'આફ્રિકન મૂળના લોકો માટે આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 30 ઓગસ્ટ (B) 31 ઓગસ્ટ (C) 1 સપ્ટેમ્બર (D) 2 સપ્ટેમ્બર (B)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કુશિયારા નદી' સંદર્ભે કયા બે દેશ વચ્ચે MOU થયા હતા ?

(A) ભારત–બાંગ્લાદેશ (B) ભારત–નેપાળ (C) ભારત–ચીન (D) ભારત–પાકિસ્તાન (A)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કુશિયારા નદી' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કુશિયારા નદી એ બાંગ્લાદેશ અને આસામમાં વહેતી નદી છે.
2. કુશિયારા નદી બરાક નદીની એક શાખા તરીકે ભારત–બાંગ્લાદેશ વચ્ચે સરહદ બનાવે છે.
3. મણિપુર, મિઝોરમ અને આસામ કુશિયારા નદીની ઉપનદીઓમાંથી પાણી મેળવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. ગુજરાતના તરણેતર ખાતે દર વર્ષે સામાન્ય રીતે કયા દિવસે મેળો ભરાય છે ?

(A) ભાદરવા સુદ ત્રીજ, ચોથ, પાંચમ (B) ભાદરવા વદ ત્રીજ, ચોથ, પાંચમ

(C) ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠ્ઠ (D) ભાદરવા વદ ચોથ, પાંચમ, છઠ્ઠ (C)

5. ગુજરાતમાં તરણેતર ખાતે ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠ્ઠના રોજ પ્રસિદ્ધ મેળો ભરાય છે.....આ તરણેતર ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

(A) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં (B) મોરબી જિલ્લાના થાનગઢ તાલુકામાં

(C) સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં (D) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં (D)

6. ગુજરાતનો કયો મેળો ભક્તિના મેળા તરીકે પ્રસિદ્ધ છે ?

(A) વૌઠાનો મેળો (B) તરણેતરનો મેળો (C) ભવનાથનો મેળો (D) માધવપુરનો મેળો (C)

7. ગુજરાતનો કયો મેળો રાવટીઓમાં ગવાતા ભજન અને સામસામા બોલાતા દૂહા માટે પ્રસિદ્ધ છે ?

(A) ચિત્ર–વિચિત્રનો મેળો (B) ભવનાથનો મેળો (C) તરણેતરનો મેળો (D) અંબાજીનો મેળો (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ગુજરાતમાં હાલ તરણેતર ખાતે જ્યાં મેળો ભરાય છે એ ગામનું નામ અપભ્રંશ થતા તરણેતર થઈ ગયું છે.... તરણેતરનું સાચું નામ શું હતું ?

(A) ત્રિનેત્ર (B) તેણેતર (C) ત્રિનેશ્વર (D) ત્રણનેતર — (C)

9. ગુજરાતમાં તરણેતર ખાતે કયા મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે ?

(A) ત્રિનેત્ર મહાદેવ (B) ત્રિનેશ્વર મહાદેવ (C) પંચનાથ મહાદેવ (D) ગોપનાથ મહાદેવ — (B)

10. ગુજરાતમાં તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેશ્વર મહાદેવના મંદિર પર દર વર્ષે ભાદરવા સુદ પાંચમના રોજ કયા ગામની બાવન ગજની ધજા ચડે છે ?

(A) તરણેતર (B) થાનગઢ (C) બગદાણા (D) પાળિયાદ — (D)

11. સંશોધકોના મતે તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેશ્વર મહાદેવ મંદિરની શૈલી કયા પ્રકારની છે ?

(A) મારુ ગુર્જર (B) ગુર્જર પ્રતિહાર (C) સોલંકી (D) ચોલ — (B)

12. તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર કયાંના રાજવીએ કરાવ્યો હતો ?

(A) થાનગઢ (B) ધ્રાંગધ્રા (C) જામનગર (D) લખતર — (D)

13. તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર લખતરના કયા રાજવીએ કરાવ્યો હતો ?

(A) શ્રી બલવીર સિંહજી (B) શ્રી ઈન્દ્ર સિંહજી (C) શ્રી કરણ સિંહજી (D) શ્રી પ્રતિપાલસિંહજી — (C)

15. ગુજરાતનો કયો પ્રદેશ 'વાસુકી નાગની ભૂમિ' તરીકે ઓળખાય છે ?

(A) જૂનાગઢ (B) દેવભૂમિ દ્વારકા (C) સોમનાથ (D) તરણેતર — (D)

16. ગુજરાતનો કયો પ્રદેશ 'પાંચાળ પ્રદેશ' તરીકે ઓળખાય છે ?

(A) ભાલકાતીર્થ (B) બેટ દ્વારકા (C) દેવભૂમિ દ્વારકા (D) તરણેતર — (D)

17. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે 'અટલ બ્રિજ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું ?

(A) અમદાવાદ (B) રાજકોટ (C) ભૂજ (D) વડોદરા — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભાદરવા સુદ પાંચમ, ઋષિ પંચમી



ભારતમાં દર વર્ષે ભાદરવા સુદ પાંચમ 'ઋષિ પાંચમ' અથવા તો 'ઋષિ પંચમી' તરીકે ઉજવાય છે.

- ઋષિ પંચમીના દિવસે સપ્ત ઋષિઓ પ્રત્યે શ્રદ્ધા ભાવ વ્યક્ત કરવામાં આવે છે.
- ભારતના પ્રસિદ્ધ સપ્ત ઋષિઓમાં (1) કશ્યપ, (2) અત્રિ, (3) ભારદ્વાજ, (4) વિશ્વામિત્ર, (5) ગૌતમ, (6) જમદગ્નિ અને (7) વશિષ્ઠ ઋષિઓનો સમાવેશ થાય છે.
- ઋષિ પંચમીની ઉજવણી ગણેશ ચતુર્થીના પછીના દિવસે કરવામાં આવે છે.

## ભારતમાં આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યા રિપોર્ટ 2021 : NCRB




તાજેતરમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)એ 'ભારતમાં આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યા રિપોર્ટ 2021' (Accidental Deaths & Suicides in India Report 2021) બહાર પાડ્યો છે.

- આ રિપોર્ટમાં 'મહિલાઓ સામેના ગુનાઓ', 'આત્મહત્યા', અને 'ગુના દર'ના આંકડા આપવામાં આવ્યા છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

### મહિલાઓ સામેના ગુનાઓ

#### (1) રાષ્ટ્રીય આંકડા

- મહિલાઓ વિરુદ્ધ અપરાધનો દર (1 લાખ વસતી દીઠ ઘટનાઓની સંખ્યા) વર્ષ 2020માં 56.5% થી વધીને વર્ષ 2021માં 64.5% થયો છે. જે નીચે મુજબ દર્શાવ્યું છે.

(a) 31.8% : પતિ અથવા તેના સંબંધિઓ દ્વારા ક્રૂરતા

(b) 20.8% : મહિલાઓ પર તેની નમ્રતાનો ત્યાગ કરવાના ઈરાદાથી હુમલો

(c) 17.56% : અપહરણ

(d) 7.40% : બળાત્કાર

## (2) રાજ્ય

- વર્ષ 2021માં આસામમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધને સૌથી વધુ દર 168.3% નોંધાયો હતો.
- ત્યારબાદ ઓડિશા, હરિયાણા, તેલંગાણા અને રાજસ્થાનનો નંબર આવે છે.
- રાજસ્થાનમાં મહિલાઓ સામેના ગુનાઓની વાસ્તવિક સંખ્યામાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે અન્ય ત્રણ રાજ્યો (ઓડિશા, હરિયાણા અને તેલંગાણા)માં વધારો નોંધાયો છે.
- વર્ષ <u>2021</u>માં નોંધાયેલ કેસોની વાસ્તવિક સંખ્યાના સંદર્ભમાં ઉત્તરપ્રદેશ ટોચ પર છે, ત્યારબાદ અનુક્રમે રાજસ્થાન, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને ઓડિશા આવે છે.
- છેલ્લા ત્રણ વર્ષમાં <u>નાગાલેન્ડ</u>માં મહિલાઓ વિરુદ્ધના સૌથી ઓછા ગુના નોંધાયા છે.

## (3) કેન્દ્રશાસિત પ્રદેશ

- કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેણીમાં દિલ્હીમાં વર્ષ 2021માં મહિલાઓ વિરુદ્ધ અપરાધનો સૌથી વધુ દર <u>147.6%</u> હતો.

## (4) શહેર

- <u>જયપુર</u>માં સૌથી વધુ <u>194%</u>નો દર હતો, ત્યારબાદ દિલ્હી, ઈન્દોર અને લખનૌનો નંબર આવે છે.
- <u>ચેન્નાઈ અને કોઈમ્બતુર</u> (બંને ચેન્નાઈમાં)માં સૌથી નીચા દર હતા.
- આ શહેરોમાં <u>દિલ્હી 2021 (13,892)</u>માં વાસ્તવિક સંખ્યામાં યાદીમાં ટોચ પર છે, ત્યારબાદ મુંબઈ, બેંગ્લુરુ અને હૈદરાબાદ છે.

## (5) ઘરેલુ હિંસા અને દહેજ મૃત્યુ

- વર્ષ 2021માં ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ દેશમાં માત્ર 507 કેસ નોંધાયા હતા, જે મહિલાઓ સામેના ગુનાઓમાં કુલ કેસના <u>0.1%</u> છે.
- <u>કેરળ</u>માં સૌથી વધુ કેસ (270) નોંધાયા છે.
- વર્ષ 2021માં દહેજ મૃત્યુના <u>6,589</u> કેસ નોંધાયા હતા, જેમાં સૌથી વધુ મૃત્યુ <u>યુપી અને બિહાર</u>માં નોંધાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# આત્મહત્યા દર સંબંધિત અહેવાલના તારણો

## (1) દૈનિક વેતન મેળવનારા

- વર્ષ 2021માં આત્મહત્યા પીડિતોમાં રોજિંદા વેતન મેળવનારાઓ વ્યવસાય મુજબ સૌથી મોટો જૂથ રહ્યો છે, જે 42,004 આત્મહત્યા (25.6%) માટે જવાબદાર છે.
- આત્મહત્યા દ્વારા મૃત્યુ પામેલા દૈનિક વેતન કામદારોનો હિસ્સો પ્રથમ વખત ચતુષ્કોણીય આંકડાને વટાવી ગયો છે.
- 2020થી 2021 દરમિયાન રાષ્ટ્રીય સ્તરે આત્મહત્યાની સંખ્યામાં 7.17%નો વધારો થયો છે.
- જોકે આ સમયગાળા દરમિયાન દૈનિક વેતન જૂથમાં આત્મહત્યાની સંખ્યામાં 11.52%નો વધારો થયો છે.

## (2) કૃષિ ક્ષેત્ર

- વર્ષ 2021 દરમિયાન નોંધાયેલી કુલ આત્મહત્યાઓમાં 'કૃષિ ક્ષેત્રમાં રોકાયેલા વ્યક્તિઓ'નો કુલ હિસ્સો 6.6% હતો.

## (3) વ્યવસાય મુજબ વિતરણ

- 16.73%ની સૌથી વધુ વૃદ્ધિ 'સ્વ–રોજગાર વ્યક્તિઓ' દ્વારા નોંધવામાં આવી હતી.
- 'બેરોજગાર વ્યક્તિઓ' જુથ એકમાત્ર એવું જુથ હતું જેણે આત્મહત્યાની સંખ્યામાં ઘટાડો જોયો હતો, જેમાં 12.38%ના ઘટાડા સાથે 2020માં 15,652 આત્મહત્યા થઈ હતી.

## (4) આત્મહત્યાના કારણો

- 33.2% : કૌટુંબિક સમસ્યાઓ (લગ્ન સમસ્યાઓ સિવાય)
- 4.8% : લગ્ન સંબંધિત સમસ્યાઓ
- 18.6% : માંદગી

## (5) રાજ્ય

- વર્ષ 2021માં નોંધાયેલી આત્મહત્યાની સંખ્યાના સંદર્ભમાં મહારાષ્ટ્ર ટોચ પર છે, ત્યારબાદ તમિલનાડુ અને મધ્યપ્રદેશ છે.
- વર્ષ 2021માં સમગ્ર દેશમાં નોંધાયેલી આત્મહત્યાની કુલ સંખ્યામાં મહારાષ્ટ્રનો ફાળો 13.5% હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (6) કેન્દ્રશાસિત પ્રદેશો

- દિલ્હીમાં સૌથી વધુ 2,840 આત્મહત્યાઓ નોંધાઈ છે.

## ગુનાના દર અંગે રિપોર્ટના તારણો

વર્ષ 2021માં સમગ્ર ભારતમાં બળાત્કાર, અપહરણ, બાળકો સામેના ગુનાઓ અને લૂંટ જેવા નોંધાયેલા હિંસક ગુનાઓમાં ફરી વધારો થયો છે.

- મહામારીના નિયંત્રણોને કારણે વર્ષ 2020માં આ ગંભીર ગુનાઓમાં ઘટાડો થયો છે.
- વર્ષ 2020માં પણ હત્યાના કેસમાં કોઈ ઘટાડો થયો નથી, જે વર્ષ 2021માં પણ વધતો રહ્યો.

## ગુના મુજબના આંકડા

## (1) બળાત્કારના કેસો

- 13% વૃદ્ધિ (વર્ષ 2020માં 28,046)
- રાજસ્થાનમાં વર્ષ 2020માં બળાત્કારો સૌથી વધુ દર 16.4% છે જે વાસ્તવિક સંખ્યામાં 6,337 કેસ સાથે ટોચ પર છે.

## (2) અપહરણ

- 20% વૃદ્ધિ (વર્ષ 2020માં 84,805)

## (3) હત્યા

- વર્ષ 2020માં 29,193 થી વધીને 2021માં 29,272 કેસ થયા હતા.
- ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ હત્યાઓ નોંધવામાં આવી છે, ત્યારબાદ બિહાર અને મહારાષ્ટ્રનો નંબર આવે છે.

## (4) બાળકો સામે ગુના

- કોવિડ સંબંધિત પ્રતિબંધના કારણે 2020માં ઘટયા પછી બાળકો સામેના ગુનાઓ પૂર્વ–મહામારીના સ્તરને વટાવી ગયા છે.
- 2021માં આવા 1.49 લાખ કેસ નોંધાયેલ હતા, જે 2019ના 1.48 લાખ કરતા વધારે હતા.
- કેરળ, મેઘાલય, હરિયાણા અને મિઝોરમ પછી સિક્કિમમાં બાળકો વિરુદ્ધ જાતીય અપરાધોનો સૌથી વધુ દર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) કોવિડ-19 ઉલ્લંઘનમાં ઘટાડો

- વર્ષ 2021માં એકંદર ગુનાઓમાં થયેલા ઘટાડાનું કારણ 'જાહેર સેવક' દ્વારા યોગ્ય રીતે જાહેર કરવામાં આવેલ હુકમનો અનાદર (IPCની કલમ 188) હેઠળ નોંધાયેલા કેસોમાં તીવ્ર ઘટાડા માટે આભારી છે.
- IPCની કલમ 188 હેઠળ દાખલ કરાયેલા કેસોની સંખ્યા 2020માં 6.12 લાખથી લગભગ અડધી થઈને 2021માં 3.22 લાખ થઈ ગઈ છે.

### NCRB વિશે

NCRBનું પૂરું નામ 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો' છે.

- NCRBની સ્થાપના વર્ષ 1986માં ગૃહમંત્રાલય હેઠળ ગુનાઓ અને ગુનેગારો પરની માહિતીના ભંડાર તરીકે કાર્ય કરવા માટે કરવામાં આવી હતી. જેથી કરીને તપાસકર્તાઓને ગુનેગારો સાથે જોડવામાં મદદ મળી શકે.
- તેની સ્થાપના રાષ્ટ્રીય પોલીસ કમિશન (1977-1981) અને MHAની ટાસ્ક ફોર્સ (1985)ની ભલામણોને આધારે કરવામાં આવી હતી.
- NCRBને 'ઓનલાઈન સાયબર–ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ'ના ટેક્નિકલ અને ઓપરેશનલ કાર્યોનું સંચાલન કરવા માટે સેન્ટ્રલ નોડલ એજન્સી તરીકે પણ નિયુક્ત કરવામાં આવી છે, જેના દ્વારા કોઈપણ નાગરિક બાળ પોર્નોગ્રાફી, બળાત્કાર વગેરે સંબંધિત ગુનાના પુરાવા તરીકે ફરિયાદ નોંધાવી શકે છે અથવા વીડિયો ક્લિપ અપલોડ કરી શકે છે.
- ઈન્ટર–ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (ICJS)ના અમલીકરણની પણ જવાબદારી NCRBને સોંપવામાં આવી છે.
- તેનું વડું મથક નવી દિલ્હીમાં આવેલું છે.

## ભારતના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી શ્રી અભિજિત સેનનું નિધન

ભારતના દિગ્ગજ અર્થશાસ્ત્રી અને આયોજન પંચના પૂર્વ સદસ્ય શ્રી અભિજિત સેનનું તાજેતરમાં 72 વર્ષની વયે નિધન થયું છે.

### શ્રી અભિજિત સેન



શ્રી અભિજિત સેનનો જન્મ 18 નવેમ્બર, 1950ના રોજ હાલના ઝારખંડ રાજ્યના જમશેદપુરમાં એક બંગાળી પરિવારમાં થયો હતો.

- તેઓ સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા હતા. અને 1981માં તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં પીએચડી કર્યુ હતું. જ્યાં તેઓ ટ્રિનિટી હોલના સભ્ય પણ હતા.
- તેમણે ગ્રામીણ અર્થતંત્રને સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કર્યા હતા.
- વર્ષ 1997માં તેમની ભારત સરકાર દ્વારા કૃષિ ખર્ચ અને કિંમતો પરના કમિશનના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે કૃષિ કોમોડિટીઝ (વસ્તુઓ) માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ની ભલામણ કરી હતી.
- વર્ષ 2004થી 2014ની વચ્ચે તેમને ભારતના આયોજન પંચમાં સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2014માં તેમને સરકાર દ્વારા 'લોંગ ટર્મ ફૂડ પોલિસી પર નિષ્ણાતોની ઉચ્ચ–સ્તરીય સમિતિ'ના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.
- તેઓ યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), એશિયન ડેવલપમેન્ટ બેંક, ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન ઓફ યુનાઈટેડ નેશન્સ (FAO), ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રીકલ્ચર ડેવલપમેન્ટ અને OECD ડેવલપમેન્ટ સેન્ટર જેવી ઘણી સંશોધન અને બહુપક્ષીય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.
- વર્ષ 2010માં તેમને જાહેર સેવા માટે પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE

1. ભારતમાં દર વર્ષે કઈ પાંચમ 'ઋષિ પંચમી' તરીકે ઉજવાય છે ?

(A) શ્રાવણ વદ પાંચમ (B) શ્રાવણ સુદ પાંચમ

(C) ભાદરવા વદ પાંચમ (D) ભાદરવા સુદ પાંચમ (D)

2. ભારતના પ્રસિદ્ધ સપ્ત ઋષિઓમાં અથવા તો પ્રસિદ્ધ સપ્તર્ષિમાં નીચેનામાંથી કયા ઋષિનો સમાવેશ થતો નથી ?

(A) મહર્ષિ વાલ્મિકી (B) મહર્ષિ વશિષ્ઠ (C) મહર્ષિ વિશ્વામિત્ર (D) મહર્ષિ ભારદ્વાજ (A)

3. તાજેતરમાં NCRBએ 'ભારતમાં આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યા રિપોર્ટ 2021' (Accidental Deaths & Suicide in India Report 2021) બહાર પાડ્યો છે. જેમાં 'મહિલાઓ સામેના ગુના' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટના રાષ્ટ્રીય સ્તરના આંકડા મુજબ મહિલાઓ વિરુદ્ધ અપરાધનો દર (1 લાખની વસતી દીઠ ઘટનાઓની સંખ્યા) વર્ષ 2020માં 56.5%થી વધીને વર્ષ 2021માં 64.5% થયો છે.
2. વર્ષ 2021માં આસામમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધનો સૌથી વધુ દર નોંધાયો છે.
3. કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેણીમાં દિલ્હીમાં વર્ષ 2021માં મહિલાઓ વિરુદ્ધ સૌથી વધુ અપરાધનો દર હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ NCRB સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો' છે.
2. NCRBની સ્થાપના વર્ષ 1986માં ગૃહમંત્રાલય હેઠળ ગુનાઓ અને ગુનેગારો પરની માહિતી ભંડાર તરીકે કાર્ય કરવા માટે કરવામાં આવી હતી.
3. તેનું વડું મથક નવી દિલ્હી ખાતે સ્થિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. તાજેતરમાં શ્રી અભિજિત સેનનું નિધન થયું છે. તેમનું નામ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે ?

(A) અર્થશાસ્ત્ર ક્ષેત્રે (B) ગણિત ક્ષેત્રે (C) રમત–ગમત ક્ષેત્રે (D) પત્રકારત્વ ક્ષેત્રે (A)

## દિવસ મહિમા : 2 સપ્ટેમ્બર, વિશ્વ નાળિયેર દિવસ (World Coconut Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 2 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ નાળિયેર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ નાળિયેર દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગો માટે કાચા માલ તરીકે નાળિયેરના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો અને તેના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો છે.
- નાળિયરેની ખેતી આપણા દેશમાં અસંખ્ય લોકોને રોજગારી પૂરી પાડે છે.
- નાળિયેર વિકાસ બોર્ડ (CBD) કૃષિ મંત્રાલય હેઠળ નાળિયેરની ખેતી અને ઉદ્યોગના સંકલિત વિકાસ માટે સ્થાપિત વૈધાનિક સંસ્થા છે.
- નાળિયેરનું વૈજ્ઞાનિક નામ 'Cocos Nucifera' છે.
- વિશ્વ નાળિયેર દિવસ 2022ની થીમ 'Growing Coconut for a Better Future and Life' છે.

નોંધ: (1) નાળિયેર વિકાસ બોર્ડે (CBD) 2 સપ્ટેમ્બર, 2022ના રોજ 24માં વિશ્વ નાળિયેર દિવસનું આયોજન જૂનાગઢ ખાતે કર્યુ હતું.

(2) કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે આ સમારોહનું ઉદ્દઘાટન કર્યુ હતું.

(3) આ ઉપરાંત તેમણે જૂનાગઢ ખાતે નાળિયેર વિકાસ બોર્ડના છઠ્ઠા રાજ્ય કેન્દ્રનું ઉદ્દઘાટન કર્યુ હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સોવિયેત સંઘના છેલ્લા નેતા શ્રી મિખાઈલ ગોર્બાચેવનું નિધન

તાજેતરમાં સોવિયેત સંઘના છેલ્લા નેતા શ્રી મિખાઈલ ગોર્બાચેવનું નિધન થયું છે.

### શ્રી મિખાઈલ ગોર્બાચેવ



શ્રી મિખાઈલ ગોર્બાચેવનો જન્મ 2 માર્ચ, 1931ના રોજ રશિયન SFSRના પ્રીવોલ્નોયે ગામમાં થયો હતો.

- તેમનું બાળપણનું નામ વિક્ટર હતું પરંતુ તેમના દાદાએ તેમનું નામ બદલીને મિખાઈલ રાખ્યું હતું.
- યુવા નેતા તરીકે શ્રી મિખાઈલ ગોર્બોચેવ સોવેયત યુનિયનની કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા હતા.
- અને જોસેફ સ્ટાલિનના મૃત્યુ પછી તેઓ શ્રી નિકિતા ખ્રૂશ્ચેવની સ્ટાલિનની નીતિઓમાં સુધારાના મજબૂત સમર્થક બન્યા હતા.
- તેઓ વર્ષ 1970માં સ્ટેવ્રોપોલ પ્રાદેશિક સમિતિના પ્રથમ પક્ષ સચિવ તરીકે ચૂંટાયા હતા.
- વર્ષ 1985માં તેઓ સોવિયત યુનિયનની કમ્યુનિસ્ટ પાર્ટીના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા. બીજા શબ્દમાં કહીએ તો સરકારના વાસ્તવિક શાસક તરીકે ચૂંટાયા હતા.

# શ્રી મિખાઈલ ગોર્બાચેવનું યોગદાન

## મુખ્ય સુધારાઓ

તેમણે 'ગ્લાસ્નોસ્ટ' અને 'પેરેસ્ટ્રોઈકા'ની નીતિઓ રજૂ કરી હતી.

- જેણે વાણી અને પ્રેસની સ્વતંત્રતા તથા અર્થતંત્રના આર્થિક વિસ્તરણમાં મદદ કરી હતી.
- 'પેરેસ્ટ્રોઈકા'નો અર્થ થાય છે 'પુનર્ગઠન', ખાસ કરીને સોવિયત અર્થતંત્રમાં સામ્યવાદી અર્થતંત્ર અને રાજકીય વ્યવસ્થા બજાર અર્થતંત્રની કેટલીક લાક્ષણિકતાઓને સમાવીને આના પરીણામે નાણાકીય નિર્ણય લેવામાં વિકેન્દ્રીકરણ પણ થયું હતું.
- 'ગ્લાસનોસ્ટ'નો અર્થ થાય છે 'નિખાલસતા', ખાસ કરીને માહિતીના સંદર્ભમાં પારદર્શિતા, આ ક્રમમાં સોવિયેત યુનિયનનું લોકશાહીકરણ શરૂ થયું હતું.

## શસ્ત્રો ઘટાડવા પર ભાર

બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપના વિભાજનના મુદ્દાઓને ઉકેલવા માટે જર્મનીના પુન:એકીકરણ માટે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે શસ્ત્રો ઘટાડવાના કરારો પર હસ્તાક્ષર કરીને તેણે પશ્ચિમી સત્તાઓ સાથે ભાગીદારી કરી હતી.

## શીત યુદ્ધનો અંત

શ્રી મિખાઈલ ગોર્બાચેવને શીત યુદ્ધનો અંત લાવવાનો શ્રેય આપવામાં આવે છે, જેના પરિણામે અલગ–અલગ દેશો તરીકે સોવિયેત યુનિયનનું વિસર્જન થયું હતું.

- શીત યુદ્ધ એ બીજા વિશ્વયુદ્ધ પછી સોવિયેત યુનિયન અને તેના આશ્રીત દેશો (પૂર્વીય યુરોપિયન દેશો) અને યુનાઈટેડ સ્ટેટ્સ તથા તેના સાથીઓ (પશ્ચિમ યુરોપીયન દેશો) વચ્ચે ભૌગોલિક રાજકીય તણાવના સમયગાળા (1945-1991)ને કહેવામાં આવે છે.
- બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ બે મહાસત્તાઓ–સોવિયેત યુનિયન અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા પ્રભુત્વ ધરાવતા બે શક્તિ જૂથમાં વહેંચાયેલું હતું.
- 'શીત' (Cold) શબ્દનો ઉપયોગ એટલા માટે થાય છે કારણ કે બંને પક્ષો વચ્ચે કોઈ દેખીતી રીતે મોટા પાયે યુદ્ધ થયુ ન હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ શબ્દનો ઉપયોગ સૌપ્રથમ અંગ્રેજી લેખક જ્યોર્જ ઓરવેલ દ્વારા વર્ષ 1945માં પ્રકાશિત થયેલા તેમના એક લેખમાં કરવામાં આવ્યો હતો.
- શીત યુદ્ધ અમેરિકાની આગેવાની હેઠળ યુકે, ફ્રાન્સ વગેરે અને સોવિયેત યુનિયન અને તેના આશ્રિત દેશો વચ્ચે શરૂ થયું હતું.

### નોબેલ શાંતિ પુરસ્કાર

યુએસ અને સોવિયત યુનિયન વચ્ચેના શીત યુદ્ધને સમાપ્ત કરવાના તેમના પ્રયત્નો માટે તેમને વર્ષ 1990માં 'નોબેલ શાંતિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો.

### ભારત સાથેના સંબંધો

શ્રી મિખાઈલ ગોર્બાચેવ 1986 અને 1988માં એમ બે વખત ભારત આવ્યા હતા.

- તેમના ઉદ્દેશ્ય યુરોપમાં તેમની નિઃશસ્ત્રીકરણ પહેલને એશિયા સુધી વિસ્તારવાનો અને ભારતીય સહયોગને સુનિશ્ચિત કરવાનો હતો.
- સોવિયત યુનિયનના નેતા તરીકે કાર્યભાર સંભાળ્યા પછી શ્રી ગોર્બાચેવની બિન–વોર્સો સંધિની આ પ્રથમ મુલાકાત હતી.
- તત્કાલીન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ શ્રી ગોર્બાચેવને 'શાંતિના ધર્મ યોદ્ધા' (Crusader for Peace)ના બિરુદથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- મુલાકાત દરમિયાન ભારતની સંસદમાં તેમના સંબોધનને ભારતીય અને સોવિયેત મીડિયામાં અતિશયોક્તિપૂર્ણ કવરેજ મળ્યું હતું. અને તેને ભારતીય મુત્સદ્દીગીરીના ઉચ્ચ બિંદુ તરીકે જોવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય પોષણ માસ (Rashtriya Poshan Maah)

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય 1 થી 30 સપ્ટેમ્બર, 2022 દરમિયાન 5મો રાષ્ટ્રીય પોષણ મહિનો ઉજવી રહ્યુ છે.

- આ વર્ષ 'મહિલા અને આરોગ્ય' તથા 'બાળ અને શિક્ષણ' પર મુખ્ય ફોકસ સાથે ઉજવવામાં આવી રહ્યો છે.
- આ મહિનાના પોષણ માસ દરમિયાન સગર્ભા અને સ્તનપાન કરાવતી મહિલાઓ, છ વર્ષથી નીચેના બાળકો અને કિશોરીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.
- તેઓને સંવેદના અભિયાનો, આઉટરીચ કાર્યક્રમો અને શિબિરો દ્વારા પોષણના મહત્વ વિશે પણ જાગૃત કરવામાં આવશે.

- સંબંધિત જિલ્લા પંચાયતી રાજ અધિકારીઓ, CDPO, સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા પંચાયતી સ્તરે જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.
- આ વખતે આંગળવાડી કેન્દ્રોમાં બાળકોને ભણાવવા માટે દેશી અને સ્થાનિક રમકડાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય કક્ષાના રમકડા ઉત્પાદન વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે.
- આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી કેન્દ્રો પર મહિલાઓમાં વરસાદી પાણીના સંગ્રહના મહત્વ પર ભાર મૂકવામાં આવશે.
- રાજ્યકક્ષાની પ્રવૃત્તિઓ અંતર્ગત પરંપરાગત પૌષ્ટિક વાનગીઓની 'અમ્મા કી રસોઈ' પણ ચલાવવામાં આવશે.

નોંધ: (1) પોષણ અભિયાન એ સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, બાળકો અને કિશોરવયની છોકરીઓ માટે પોષણના પરિણામો સુધારવા માટે ભારત સરકારનો મુખ્ય કાર્યક્રમ છે.

(2) આ મિશનની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 8 માર્ચ, 2018ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર કરી હતી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ નાળિયેર દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 1 સપ્ટેમ્બર (B) 2 સપ્ટેમ્બર (C) 3 સપ્ટેમ્બર (D) 4 સપ્ટેમ્બર **(B)**

---

2. તાજેતરમાં સોવિયેત સંઘના નેતા શ્રી મિખાઈલ ગોર્બાચેવનું નિધન થયું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. યુવા નેતા તરીકે શ્રી મિખાઈલ ગોર્બોચેવ સોવિયેત યુનિયનની કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા હતા.
2. વર્ષ 1985માં તેઓ સોવિયેત યુનિયનની કમ્યુનિસ્ટ પાર્ટીના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા.
3. તેમણે 'ગ્લાસ્નોસ્ટ' અને 'પેરેસ્ટ્રોઈકા'ની નીતિઓ રજૂ કરી હતી.
4. તેઓ સોવિયેત સંઘના છેલ્લા નેતા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

3. તાજેતરમાં સોવિયત સંઘના છેલ્લા નેતા શ્રી મિખાઈલ ગોર્બોચેવનું નિધન થયું છે. તેમને કયા વર્ષે 'નોબેલ શાંતિ પુરસ્કાર' એનાયત થયો હતો ?

(A) 1990 (B) 1996 (C) 1998 (D) 2000 **(A)**

---

4. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે ............દરમિયાન રાષ્ટ્રીય પોષણ મહિનાનું આયોજન કર્યું છે.

(A) 1 થી 30 સપ્ટેમ્બર, 2022 (B) 22 ઓગસ્ટ થી 1 સપ્ટેમ્બર, 2022
(C) 1 થી 30 ઓગસ્ટ, 2022 (D) 15 ઓગસ્ટ થી 13 સપ્ટેમ્બર, 2022 **(A)**

## G 20 શિક્ષણ મંત્રીઓની બેઠક

તાજેતરમાં ભારતના શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને ઈન્ડોનેશિયાના બાલીમાં G 20 શિક્ષણ મંત્રીઓની બેઠકને સંબોધિત કરી હતી.

- બેઠકની થીમ 'Recovery, Re-imagine and Rebuild Stronger' છે.
- શ્રી ધર્મેન્દ્ર પ્રધાને એજ્યુકેશન 2030 એજન્ડાને આગળ વધારવા પર યુનેસ્કોના એડીજી, સુશ્રી સ્ટેફાનિયા ગિયાનીની સાથે અર્થપૂર્ણ સંવાદો કર્યા હતા.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP, 2020)ના અમલીકરણ દ્વારા વધુ સ્થિતિસ્થાપક અને સમાવિષ્ટ શિક્ષણ અને કૌશલ્ય ઈકોસિસ્ટમ બનાવવા અને દરેક શીખનારની સર્જનાત્મક ક્ષમતાને સાકાર કરવા તરફ ભારતની ઝડપી પ્રગતિને પ્રકાશિત કરવામાં આવી હતી.
- ભારતે પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણને ઔપચારિક બનાવવા, વિકલાંગ બાળકોને ટેકો આપવા, ડિજિટલ અને મલ્ટિ–મોડલ લર્નિંગને પ્રોત્સાહન આપવા, લવચીક પ્રવેશ–બહાર માર્ગો તથા શિક્ષણને એકીકૃત કરવા પર વિશેષ ભાર મૂક્યો છે.

### G-20

G-20ને 'Group of Twenty'તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G-20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.




- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 75 થી 80 ટકા, વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

**નોંધ :** (1) વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20ના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022ની G-20 સમિટ ભારતમાં યોજવાની જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2020માં નક્કી કર્યું હતું કે ભારત 2022ને બદલે 2023ની G-20 સમિટનું આયોજન કરશે.

(3) જ્યારે વર્ષ 2022ની અધ્યક્ષતા હવે ઈન્ડોનેશિયા કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CAPF ઈ-આવાસ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં CAPF કર્મચારીઓ માટે એક નવું ઓનલાઈન પોર્ટલ 'ઈ–આવાસ' લોન્ચ કર્યુ.

- આ નવા પોર્ટલની મદદથી CAPFના જવાનો તેમના ફોર્સમાં ઉપલબ્ધ રહેઠાણ શોધવાને બદલે અન્ય દળો પાસે ઉપલબ્ધ મકાનો શોધી શકશે.
- આ વેબ પોર્ટલ CAPF અને આસામ રાઈફલ્સના પાત્ર કર્મચારીઓને ઓનલાઈન નોંધણી અને રહેણાંક ક્વાટર્સની ફાળવણીને સક્ષમ કરશે.
- આસામ રાઈફલ્સ ઉપરાંત CAPFમાં BSF, CRPF, CISF, ITBP અને SSB પણ સામેલ છે.
- ગૃહ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર હાલમાં લગભગ 19% CAPF ઘરો ખાલી છે અને પોર્ટલ દ્વારા દળના જવાનો અન્ય દળો સાથે ઉપલબ્ધ ઘરોને શોધી શકે છે.

### CAPF

કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF) એ ભારતમાં સાત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ સંગઠનોના સમાન નામકરણનો સંદર્ભ આપે છે, જે ગૃહ મંત્રાલય હેઠળ છે.

- તેમનું મિશન મુખ્યત્વે આંતરિક જોખમો સામે રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનું છે.
- CAPF હેઠળની સાત સંસ્થાઓ નીચે મુજબ છે :

(1) સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)
(2) બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)
(3) ઈન્ડો–તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP)
(4) સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF)
(7) નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG)
(6) સશસ્ત્ર સીમા બલ (SSB)
(7) સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)

- કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો ITBP, BSF અને SSB સરહદ સુરક્ષાના પ્રાથમિક કાર્યો કરે છે.
- તથા CISF સંવેદનશીલ સ્થાપનાને સુરક્ષા પૂરી પાડે છે. જ્યારે CRPF અને NSG પોલીસને કાયદો અને વ્યવસ્થા સંભાળવા બળવાખોરી વિરોધી કામગીરી, નકસલ વિરોધી કામગીરી અને આતંકવાદ વિરોધી કામગીરીમાં મદદ કરે છે.
- તેમની પ્રાથમિક ભૂમિકા ઉપરાંત તમામ CAPF કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં પોલીસ તેમજ બળવા વિરોધી કામગીરીમાં લશ્કરને સમર્થન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓડિશામાં નુઆખાઈ કૃષિ ઉત્સવની શરૂઆત થઈ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નુઆખાઈ (Nuakhai) (અથવા નુઆખાઈ જુહર) ઉત્સવ નિમિત્તે દેશના ખેડૂતોને સુભેચ્છા પાઠવી હતી.

### નુઆખાઈ ઉત્સવ



તે એક કૃષિ ઉત્સવ છે જેને 'નુખાઈ પરબ' (Nukhai Parab) અથવા 'નુઆખાઈ ભેટઘાટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- નુઆખાઈ બે શબ્દો (નુઆ + ખાઈ)થી બનેલો છે. જે નવા ચોખા ખાવાનું મહત્ત્વ દર્શાવે છે.
- અહીં 'નુઆ' એટલે નવું અને 'ખાઈ' એટલે ખોરાક
- તે એક પ્રાચીન તહેવાર છે જે પશ્ચિમ ઓડિશા, દક્ષિણ છત્તીસગઢ અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં બદલાતી ઋતુઓ સાથે નવા પાકને આવકારવા માટે ઉજવવામાં આવે છે.
- આ તહેવાર ગણેશ ચતુર્થીના એક દિવસ પછી ઉજવવામાં આવે છે.
- આ દિવસે ખેડૂતો અન્નની પુજા કરે છે અને વિશેષ ભોજન તૈયાર કરે છે.
- આ દરમિયાન ખેડૂતો ઓડિશાના સંબલપુર જિલ્લામાં માતૃદેવી 'સમલેશ્વરી દેવીજી'ને તેમની જમીનમાંથી પ્રથમ ઉત્પાદન તરીકે કેટલાક અનાજ અર્પણ કરે છે.
- તેને સ્થાનિક ભાષા ઓડિયામાં 'બારા માસ્સા રે તેરા પર્વ' તરીકે ઓળખવામાં આવે છે.
- સ્થાનિક લોકો માને છે કે નુઆખાઈ ઉત્સવ વૈદિક સમયગાળામાં શરૂ થયો હતો. જ્યારે ઋષિઓએ પંચ યજ્ઞ પર વિચાર–વિમર્શ કર્યો હતો.
- પંચ યજ્ઞનો એક ભાગ પ્રલંબન યજ્ઞ હતો જેમા નવા પાકની લણણી અને તેને દેવી માતાને અર્પણ કરવાનો તહેવાર ઉજવવામાં આવતો હતો.
- નુઆખાઈ ઉત્સવનો ઉદ્દેશ્ય દેશની આર્થિક પ્રગતિમાં કૃષિની સુસંગતતા વિશે સમાજને એક મહાન સંદેશ આપવાનો છે.
- આવો જ તહેવાર તટીય ઓડિશામાં 'નબન્ના' નામથી ઉજવવામાં આવે છે. ઓડિશામાં તહેવારોની જીવંત સંસ્કૃતિ છે.

INSTITUTE FOR COMPETITIVE E

1. તાજેતરમાં ..........દેશના બાલીમાં G 20 શિક્ષણ મંત્રીઓની બેઠક યોજાઈ હતી.

(A) જર્મની (B) ઈન્ડોનેશિયા (C) બ્રાઝિલ (D) કેનેડા (B)

2. ભારત કયા વર્ષે G 20 સમિટની અધ્યક્ષતા કરશે ?

(A) 2022 (B) 2023 (C) 2024 (D) 2025 (B)

3. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે CAPF કર્મચારીઓ માટે એક નવું ઓનલાઈન પોર્ટલ 'ઈ–આવાસ' લોન્ચ કર્યુ હતું. આ CAPF સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)એ ભારતમાં સાત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ સંગઠનોનો સંદર્ભ આપે છે. જે ગૃહ મંત્રાલય હેઠળ છે.
2. આ સાત સંગઠનોમાં CRPF, BSF, ITBP, CISF, NSG, SSB અને SPGનો સમાવેશ થાય છે.
3. તેમનું મિશન મુખ્યત્વે આંતરિક જોખમો સામે રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'નુઆખાઈ' (Nuakhai) શું છે ?

(A) કૃષિ ઉત્સવ (B) કેરળનું નૃત્ય
(C) આસામની એક રમત (D) મેઘાલયનું નૃત્ય (A)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'નુઆખાઈ' (Nuakhai) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક કૃષિ ઉત્સવ છે. જેને 'નુખાઈ પરબ' અથવા 'નુઆખાઈ ભેટઘાટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તે એક પ્રાચીન તહેવાર છે. જે પશ્ચિમ ઓડિશા, દક્ષિણ છત્તીસગઢ અને ઝારખંડના કેટલાંક વિસ્તારોમાં બદલાતી ઋતુઓ સાથે નવા પાકને આવકારવા માટે ઉજવવામાં આવે છે.
3. આ તહેવાર ગણેશ ચતુર્થીના એક દિવસ પછી ઉજવવામાં આવે છે.
4. તેને સ્થાનિક ભાષામાં 'બારા માસ્સા રે તેરા પર્વ' તરીકે ઓળખવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **કચ્છ : સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમનું લોકાર્પણ**

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સરકાર દ્વારા ભુજના ભૂજિયા ડુંગર પર રૂ. 375 કરોડના ખર્ચે નિર્માણ પામેલા 'સ્મૃતિ વન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ'નું લોકાર્પણ કર્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2001ના ભૂકંપની આપદાને યાદ કરતા આ સ્મારકો પોતાના સ્વજનો ગુમાવનારા લોકોને અર્પિત કર્યા હતા.આ સ્મારક વેદના અને આફતને અવસરમાં બદલાવાના કચ્છ–ગુજરાતના ખમીરનું પ્રતિક છે. સ્મૃતિવનમાં ભુકંપની અનુભૂતિ કરાવતું અર્થક્વેક સિમ્યુલેટર સંકુલ પણ તૈયાર કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે 26 જાન્યુઆરી, 2001ના દિવસે આવેલા ભૂકંપમાં જીવ ગુમાવેલા નાગરિકોની યાદમાં આ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. લગભગ 470 એકરમાં આ સ્મૃતિવન બનાવવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **યુપી પરિવાર કલ્યાણ કાર્ડ યોજના**

તાજેતરમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે રાજ્યના તમામ પરિવારો માટે ટૂંક સમયમાં 'યુપી પરિવાર કલ્યાણ કાર્ડ યોજના' જારી કરવાની વાત કરી હતી. આ અંતર્ગત રાજ્યમાં ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકાશે. આનાથી એવા પરિવારોને પણ મળશે. જેઓ કોઈપણ કારણોસર યોજનાઓથી વંચિત છે. આ રેશન કાર્ડ ડેટાની મદદથી જનરેટ કરવામાં આવશે. જેની મદદથી આ પ્રક્રિયાને સરળ બનાવી શકાય છે. અને આ તમામ સરકારી યોજનાઓને એકીકૃત કરી શકાય છે. હાલમાં 15 કરોડ આધાર માન્ય રેશનકાર્ડ ધારકો છે જેમને કુટુંબ કલ્યાણ કાર્ડ તાત્કાલિક જારી કરી શકાય છે. રાજ્યના લગભગ 60 ટકા રેશન કાર્ડ દ્વારા આવરી લેવામાં આવ્યા છે. આ કાર્ડ દ્વારા સરકાર રાજ્યના દરેક પરિવારને એક ઓળખ કાર્ડ આપશે જે આધાર કાર્ડની જેમ 12 અંકનું અનન્ય કાર્ડ હશે જેમાં તે પરિવારના તમામ સભ્યોની સંપૂર્ણ માહિતી હશે.

### ➤ નેધરલેન્ડના રાણી મેક્સિમા ભારતની મુલાકાતે

નેધરલેન્ડના રાણી મેક્સિમાએ 25 ઓગસ્ટ, 2022ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મની મુલાકાત કરી હતી. શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રાણી મેક્સિમાનું સ્વાગત કર્યુ હતું તથા ભારત અને નેધરલેન્ડ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી. આ બેઠકમાં એપ્રિલ 2022માં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિની નેધરલેન્ડની રાજકીય મુલાકાતને યાદ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ જણાવ્યુ હતુ કે એપ્રિલ 2021માં ભારત–નેધરલેન્ડ વર્ચ્યુઅલ સમિટ દરમિયાન શરૂ કરવામાં આવેલી 'પાણી પર વ્યૂહાત્મક ભાગીદારી' અને તાજેતરના વર્ષોમાં દ્વિપક્ષીય સંબંધોના અન્ય ઘણા પરિમાણો વધુ મજબૂત થયા છે. બંને નેતાઓએ સાર્વત્રિક નાણાકીય સમાવેશના વિવિધ પાસાઓ પર પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. રાણી મેક્સિમા 29 થી 31 ઓગસ્ટ 2022 દરમિયાન વિકાસ માટે સમાવેશક નાણાકીય અને G20 ગ્લોબલ પાર્ટનરશિપ (GPFI)ના માનદ આશ્રયદાતા માટે યુએન સેક્રેટરી–જનરલના વિશેષ સલાહકાર તરીકે ભારતની સત્તાવાર મુલાકાતે છે.

### ➤ ઉદયમાન ખિલાડી ઉન્નયન યોજના : ઉત્તરાખંડ

રાષ્ટ્રીય રમત–ગમત દિવસ નિમિત્તે ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી પુસ્કરસિંહ ધામીએ 'મુખ્યમંત્રી ઉદયમન ખિલાડી ઉન્નયન યોજના' શરૂ કરી છે. મુખ્યમંત્રી ઉદયમાન ખિલાડી ઉન્નયન યોજના હેઠળ દર વર્ષે કુલ 3900 ઉભરતા ખેલાડીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે જેમાં 1950 છોકરાઓ અને 1950 છોકરીઓનો સમાવેશ થાય છે. 14 થી 23 વર્ષની વયજૂથના ખેલાડીઓને પણ શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આ યોજના હેઠળ ખેલાડીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ તેમની પ્રતિભા પર નિર્ભર રહેશે. રાજ્યમાં સ્પોર્ટસ કોચની અછતને ધ્યાનમાં રાખીને દરેક જિલ્લામાં આઠ સ્પોર્ટ્સ કોચની નિમણૂક કરવામાં આવશે. નિયમો મુજબ ખેલાડીઓને આર્થિક લાભ આપવા માટે ટૂંક સમયમાં મુખ્યમંત્રી રમત વિકાસ ફંડની રચના કરવામાં આવશે. નોંધનીય છે કે નવેમ્બર 2021માં રાજ્યની નવી રમત નીતિ પસાર કરી હતી.

### ➤ હરિદ્વાર શ્રેષ્ઠ મહત્વાકાંક્ષી જિલ્લો બન્યો

નીતિ આયોગે પાંચ માપદંડના આધારે ઉત્તરાખંડના હરિદ્વાર શહેરને શ્રેષ્ઠ મહત્વાકાંક્ષી જિલ્લો જાહેર કર્યો છે. હરિદ્વારે બેઈઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર થીમમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. હવે આ શહેર માટે 3 કરોડ રૂપિયાની વધારાની ફાળવણી કરવામાં આવશે. જાન્યુઆરી 2018માં શરૂ કરાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય દેશના સૌથી અવિકસિત જિલ્લાઓમાં ઝડપથી અને અસરકારક રીતે પરિવર્તન કરવાનો છે. આ યોજના કેન્દ્ર અને રાજ્યની યોજનાઓ સાથે લાગુ કરવામાં આવી છે. તે પાંચ પરિમાણો પર આધારિત સંયુક્ત સૂચકાંકના આધારે પસંદ કરેલા જિલ્લાઓના ઝડપી વિકાસની કલ્પના કરે છે. જે આ મુજબ છે (1) આરોગ્ય અને પોષણ (2) શિક્ષણ (3) નાણાકીય સમાવેશ અને કૌશલ્ય વિકાસ (4) કૃષિ અને જળ સંસાધનો (5) મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

➤ **ભારતીય કોસ્ટ ગાર્ડે SAREX 22 અભ્યાસનું આયોજન કર્યું**

ભારતીય કોસ્ટ ગાર્ડે તાજેતરમાં ચેન્નાઈના દરિયાકાંઠે તેની દ્વિવાર્ષિક દરિયાઈ શોધ અને બચાવ કવાયત SAREX 22 હાથ ધરી હતી. આ કવાયતમાં ઘણા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ કવાયતનો ઉદ્દેશ્ય દરિયામાં અકસ્માતો ટાળવા અને બચાવ કામગીરી હાથ ધરીને જીવન બચાવવાનો છે. આ દરમિયાન 16 દેશોના 24 નીરિક્ષકોએ 'સમુદ્રી સુરક્ષાની તરફ ક્ષમતા નિર્માણ' થીમ હેઠળ આ અભ્યાસમાં ભાગ લીધો હતો. કોસ્ટગાર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલી આ 10મી કવાયત હતી.

➤ **AICTE અને Adobeની ડિજિટલ કૌશલ્ય પર ભાગીદારી**

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE)એ તાજેતરમાં સમગ્ર દેશમાં ડિજિટલ સર્જનાત્મક કૌશલ્યોને વેગ આપવા માટે Adobe સાથે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ Adobe વર્તમાન ડિજિટલ – ફર્સ્ટ વિશ્વ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે જરૂરી સર્જનાત્મક અને ડિજિટલ સાક્ષરતા કૌશલ્ય સાથે અભ્યાસક્રમ અને કુશળતા પ્રદાન કરશે. તથા શિક્ષકોને અભ્યાસક્રમમાં ડિજિટલ સર્જનાત્મકતાને એકીકૃત કરવા તાલીમ આપશે. ભાગીદારીનો હેતુ 2024 સુધીમાં 10,000 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં 75000થી વધુ શિક્ષકોને ડિજિટલ સર્જનાત્મકતા કૌશલ્ય સાથે સશક્ત બનાવવાનો છે.

## વિશ્વ

➤ **જર્મનીએ હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનોનો કાફલો શરૂ કર્યો**

જર્મનીએ તાજેતરમાં લોઅર સૈક્સોની રાજ્યમાં બિન–ઈલેક્ટ્રીફાઈડ ટ્રેક પર ચાલતી 15 ડીઝલ ટ્રેનોને બદલવા માટે હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનોનો વિશ્વનો પ્રથમ કાફલો શરૂ કર્યો છે. નવી ટ્રેનો છત પર હાઈડ્રોજન ટાંકી અને ઈંધણ સેલોથી સજ્જ છે. તથા પાણી અને હાઈડ્રોજનને જોડીને વીજળી ઉત્પન્ન કરશે. કંપનીએ જાહેર કર્યુ કે ઉત્પાદિત વધારાની ઊર્જાની આયન–લિથિયન બેટરીમાં સંગ્રહિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટની કિંમત અંદાજે 93 મિલિયન યુરો છે.

➤ **સ્ટોકહોમ જુનિયર વોટર પ્રાઈઝ**

તાજેતરમાં કેનેડિયન વિદ્યાર્થી એનાબેલે એમ. રેસનને 'હાનિકારક શેવાળ મોર અને તેને અટકાવવાના' માર્ગો પરના તેમના સંશોધન માટે વર્ષ 2022 માટે પ્રતિષ્ઠિત સ્ટોકહોમ જુનિયર વોટરપ્રાઈઝ એનાયત કરવામાં આવ્યો છે. હાનિકારક શેવાળ મોર (HAB) એ શેવાળની અનિયંત્રિત વૃદ્ધિનો ઉલ્લેખ કરે છે જે માછલી, ઘેટા, દરિયાઈ સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ જેવા જીવો પર ઝેરી અથવા હાનિકારક અસરોનું કારણ બને છે. સ્ટોકહોમ જુનિયર વોટર પ્રાઈઝ એ એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધા છે જ્યાં 15 થી 20 વર્ષની વયના વિદ્યાર્થીઓ પાણીના મુખ્ય પડકારોના ઉકેલો સબમિટ કરે છે.

## ICE ? Questions

- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સરકાર દ્વારા ભુજના ______ ડુંગર પર નિર્માણ પામેલા 'સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ'નું લોકાર્પણ કર્યુ છે. – ભૂજિયા
- તાજેતરમાં કયા દેશે હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનોનો કાફલો શરૂ કર્યો હતો ? – જર્મની
- તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકારે રાજ્યના તમામ પરિવારો માટે ______ યોજના જારી કરવાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત રાજ્યમાં ચાલતી કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકશે. – યુપી પરિવાર કલ્યાણ કાર્ડ યોજના
- તાજેતરમાં રાણી મેક્સિમા ભારતની મુલાકાતે આવ્યા હતા. તેઓ કયા દેશના રાણી છે ? – નેધરલેન્ડ
- રમત–ગમત ક્ષેત્રની 'ઉદયમાન ખિલાડી ઉન્નયન યોજના' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – ઉત્તરાખંડ
- નીતિ આયોગે પાંચ માપદંડોના આધારે ઉત્તરાખંડના ક્યા શહેરને શ્રેષ્ઠ મહત્ત્વાકાંક્ષી જિલ્લો જાહેર કર્યો છે ? – હરિદ્વાર
- તાજેતરમાં કોણે SAREX 22 અભ્યાસનું આયોજન કર્યુ હતું ? – ભારતીય કોસ્ટગાર્ડ
- તાજેતરમાં કયા કેનેડિયન વિદ્યાર્થીને 'સ્ટોકહોમ જુનિયર વોટર પ્રાઈઝ' એનાયત થયું છે ? – એનાબેલે એમ. રેસન
- તાજેતરમાં AICTEએ સમગ્ર ભારતમાં ડિજિટલ સર્જનાત્મક કૌશલ્યોને વેગ આપવા માટે કોની સાથે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – Adobe

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારત સરકાર દ્વારા પ્રસ્તાવિત નદીઓના ટકાઉ વિકાસના નવા મોડલનું નામ શું છે ? – અર્થ ગંગા
2. કઈ ટેક્નોલોજી કંપનીએ 'ચાઈલ્ડ સેફ્ટી ટૂલકિટ' અને 'સાયબર – સિક્યોરિટી અપ સ્કિલિંગ પ્રોગ્રામ' બહાર પાડ્યા છે ? – ગૂગલ
3. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી લિન્થોઈ ચનંમ્બમ (Linthoi Chanamban) કઈ રમત સાથે સંકળાયેલ છે ? – જુડો
4. ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં 100 - 100 મેચ રમનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ છે ? – વિરાટ કોહલી
5. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંકળાયેલ છે ? – કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલય

   (કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) ની રજત જયંતીની ઉજવણી સમારોહમાં સંબોધન કર્યુ હતું. NPPA એ રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ્સ વિભાગની સાથે જોડાયેલ ઓફિસ છે. તે દવાઓના ભાવ નિર્ધારણ અને પોષણક્ષમ ભાવે દવાઓની ઉપલબધતા અને સુલભતા સુનિશ્ચિત કરવા માટે સ્વતંત્ર નિયમનકાર તરીકે કાર્ય કરે છે.
6. કયા ખેલાડીએ 2022માં BWF વર્લ્ડ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું છે ? – વિક્ટર એક્સેલસન

   (ડેનમાર્કના વિક્ટર એક્સેલસેને ટોક્યોમાં ફાઈનલમાં થાઈલેન્ડના કુનલાવત વિટિડસેર્નને હરાવીને તેનું બીજું બેડમિન્ટિન વર્લ્ડ ટાઈટલ જીત્યું છે.)
7. શૂમંગ લીલા એ પરંપરાગત તહેવાર છે. જે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં યોજાય છે ? – મણિપુર
8. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ અનુસાર તાજેતરમાં કયા ભારતીય ઉદ્યોગપતિ વિશ્વના ત્રીજા સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે ? – શ્રી ગૌતમ અદાણી
9. કઈ સંસ્થા અથવા કાઉન્સિલે 'Competitiveness Roadmap For India@100' રિપોર્ટ બહાર પાડ્યો છે ? – આર્થિક સલાહકાર પરિષદ

   (વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે 'Competitiveness Roadmap For India@100' જાહેર કર્યો છે. આ દસ્તાવેજ ભારત માટે શતાબ્દી વર્ષ તરફનો રોડ મેપ છે અને 2047 સુધીમાં ભારતને ઉચ્ચ આવક ધરાવતો દેશ બનાવવા માટે માર્ગદર્શન આપશે.
10. કયા ભારતીય રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 'રાજીવગાંધી ગ્રામીણ ઓલિમ્પિક ગેમ્સ'નું ઉદ્ઘાટન કર્યુ છે ? – રાજસ્થાન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. તાજેતરમાં કયા શહેરે 'જૈવ વિવિધતાને બચાવવા માટે સંયુક્ત રાષ્ટ્રના સત્ર'નું આયોજન કર્યુ હતું ? – ન્યુયોર્ક

12. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશને 100 વર્ષના અંતરાલ પછી તેનું બીજુ રેલવે સ્ટેશન મળ્યું છે ? – નાગાલેન્ડ

13. કઈ સંસ્થાએ દેશમાં મૃત્યુદર, રોગિષ્ઠતા અને સામાજિક આર્થિક બોજનો રિપોર્ટ બહાર પડ્યો છે ? – ICMR

14. ભારતે તાજેતરમાં જૈવ વિવિધતા સંરક્ષણ પર કયા દેશ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – નેપાળ

(ભારતે તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા પ્રસ્તાવિત જૈવવિવિધતા સંરક્ષણ પર નેપાળ સરકાર સાથેના સમજૂતી પત્રને મંજૂરી આપી છે. આ MoUનો ઉદ્દેશ્ય વનસંવર્ધન, જૈવવિવિધતા સંરક્ષણ અને આબોહવાના પરિવર્તન ક્ષેત્રમાં સહકારને મજબૂત કરવાનો છે.)

15. તાજેતરના NSO ડેટા અનુસાર આ નાણાકીય વર્ષ 2022-23ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ–જૂન) ભારતનો GDP વૃદ્ધિ દર કેટલો હતો ? – 13.5%

16. કયા ભારતીય રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 'ભારતની પ્રથમ વર્ચ્યુઅલ શાળા' શરૂ કરી છે ? – નવી દિલ્હી

(દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે 'દિલ્હી મોડલ વર્ચ્યુઅલ સ્કૂલ' નામની દેશની પ્રથમ વર્ચ્યુઅલ સ્કૂલ શરૂ કરી છે જેમાં સમગ્ર ભારતના વિદ્યાર્થીઓ ધોરણ 9થી 12માં પ્રવેશ માટે પાત્ર છે.)


17. કઈ સંસ્થાએ સાયબર સુરક્ષા અભ્યાસ 'સિનર્જી'નું આયોજન કર્યુ છે ? – CERT-In


18. તાજેતરના NCRBના રિપોર્ટ મુજબ કયા રાજ્યમાં સૌથી વધુ રાજદ્રોહના કેસ નોંધાયા છે ? – આંધ્રપ્રદેશ


19. ફોરેન્સિક પુરાવાના સંગ્રહને ફરજિયાત બનાવનાર દેશનું પ્રથમ કયું રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ છે ? – દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ












































**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ Social Media Icon પર Click કરો.